dakshinayan
UNIVERSITY NEWS LETTER દક્ષિણાયન

B++ NAAC Accredited University

VNSGU | VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY

This newsletter is also available on the University Library at website www.vnsgulibrary.org

January 2010 | For private circulation only | Vol. 02 - Issue 26

"...hobby-based society-culture needs to be encouraged in our universities and colleges so that the vision of the student can be broadened and opportunities become available to him/her to exercise surplus energy constructively. ...An odd lecture heard in a society's informal setting can sometimes be more motivating than hours of formal training."

**- How to Recapture the Thrill for Basic Sciences in Higher Education : Prof. Jayant V. Narlikar**

# દીપે અરુણું પરભાત

પ્રિય વાચક મિત્રો,

યુનિવર્સિટી ગ્રાન્ટસ કમીશન દ્વારા ઉચ્ચશિક્ષણ ક્ષેત્રે શૈક્ષણિક અને વહીવટી સુધારા અમલમાં મુકવા માટે એક એકશન પ્લાન ઘડી કાઢવામાં આવ્યો છે. ગુજરાત રાજયે પણ તેના સ્વર્ણિમ વર્ષમાં આ સુધારાઓ અમલમાં મૂકવા માટે તાજેતરમાં યુજીસીના ચેરમેન તથા પ્રણાલિકાગત તમામ યુનિવર્સિટીઓના કુલપતિઓ તથા કુલસચિવો સાથે બેઠક યોજી. બેઠકમાં બધાએ સ્વીકાર્યું કે ઉચ્ચશિક્ષણને ગુણવત્તાયુકત તથા સમયની માંગ પ્રમાણે સુસંગત બનાવવું હોય તો સેમિસ્ટર પ્રણાલી તથા પસંદગીયુકત ક્રેડિટ પ્રણાલી અમલમાં મૂકવી જ રહી. ઉચ્ચશિક્ષણમાં શરૂઆતના તબકકાથી કોઈ ખાસ ફેરફારો થયા નથી પરિણામે છૂટક-છૂટક ફેરફારો સમયાંતરે થયા પરંતુ સમગ્ર પધ્ધતિને બદલાવવાનો આ પ્રથમ પ્રયત્ન સરાહનીય છે.

ઉચ્ચશિક્ષણમાં સંસ્થાઓ, વિદ્યાર્થીઓ તથા અધ્યાપકોની સંખ્યાની રીતે વિચારીએ તો અડધાથી પણ વધારે સંખ્યા ઉદાર શિક્ષણ (Liberal Education) સાથે સંકળાયેલી આર્ટસ, સાયન્સ તથા કોમર્સની કોલેજોમાં છે. આ શાખાઓમાં સામાન્યતઃ સ્પર્ધાત્મકતાનો અભાવ જોવા મળે છે. મોટાભાગની સંસ્થાઓ સરકાર દ્વારા અથવા સરકારી અનુદાન થકી ચાલે છે. બીજી બાજુ, મેનેજમેન્ટ, કમ્પ્યૂટર, ફાર્મસી, એન્જિનિયરિંગ જેવી વિદ્યાશાખાઓમાં હરીફાઈનું તત્વ ઉમેરાતાં આ શાખાના વિદ્યાર્થીઓ, અધ્યાપકો તથા સંસ્થાઓમાં લગભગ Survival of the Fittestનો સ્પર્ધાત્મકતાનો માહોલ વિકસી રહયો છે.

ઉદાર શિક્ષણની મુળભુત વિભાવના સુખ-સગવડોમાં વધારો કરવાનો નહીં પણ સંસ્કૃતિને સાચા અર્થમાં સમજવાનો તથા વ્યકિતમાં મુકત ચિંતનની પ્રેરણા પૂરી પાડવાનો છે. આવી માન્યતાને લીધે રોજગારી માટેની ક્ષમતા વિકસાવવાની વાત સંપૂર્ણ વિસરાઈ ગઈ. અનુભવે એવું જણાય છે કે વિનયન વિદ્યાશાખામાં ધ્યેયની અસ્પષ્ટતા સાથે કોલેજમાં પ્રવેશ લેતા વિદ્યાર્થીઓ, કોલેજોના ટાંચા સાધનો તથા વિપુલ પ્રમાણમાં વિદ્યાર્થી સંખ્યા તથા કયાંય પ્રવેશ ન મળ્યો હોય એટલે છેલ્લે પ્રવેશ લેતા વિદ્યાર્થીઓમાં સામાન્ય જ્ઞાનનું સ્તર પણ નિમ્ન જોવા મળે છે. આ ચિંતા માત્ર આપણે ત્યાં છે તેવું નથી. વિશ્વની ટોચની હાર્વર્ડ યુનિવર્સિટીમાં પણ આ ચિંતાનો વિષય છે.

હાર્વર્ડ યુનિવર્સિટી દ્વારા ફેબ્રુઆરી-૨૦૦૯માં જનરલ એજયુકેશન અંગે વિવિધ વિષયોના નિષ્ણાતોની ટાસ્ક ફોર્સ દ્વારા એક અહેવાલ તૈયાર કરવામાં આવ્યો છે. આ ટાસ્ક ફોર્સના અહેવાલમાં વિનયન વિદ્યાશાખામાં વિદ્યાર્થીઓને સામાજિક પ્રવૃત્તિમાં કેવી રીતે જોડવા, કલા, વિચારો તથા મૂલ્યોમાં વૃદ્ધિ થાય તે માટે વિદ્યાર્થીઓને તૈયાર કરવા, વિશ્વના બદલાતા પ્રવાહોથી વિદ્યાર્થીઓમાં મૂલ્યનિષ્ઠ અભ્યાસ અને જીવન માટે સજ્જ કરવાના ધ્યેયોને ધ્યાને લઈ જુદી જુદી આઠ બાબતોને અભ્યાસક્રમમાં સમાવવા માટેની ભલામણ કરવામાં આવી હતી.

વિનયન વિદ્યાશાખાને પ્રસ્તુત બનાવવા માટે આ અહેવાલમાં Activity Based Learning ઉપર ભાર મૂકાયો છે. આ માટે વિવિધ આઠ પ્રકારની પ્રવૃત્તિઓ જેમાં : (૧) કળામાં સુરૂચી તથા સમજણ (Asthect and Interpretive Understading) (૨) સંસ્કૃતિ અને માન્યતાઓ (Culture and Belief) (૩) અનુભવ-પ્રયોગમૂલક કારણલક્ષી વિવેકશકિત (Empirical Reasoning) (૪) નીતિશાસ્ત્રલક્ષી વિવેકશકિત (Ethical Reasoning), (૫) જીવનવિજ્ઞાન (Science of Living Systems) (૭) વિશ્વવિજ્ઞાન (Science of World) અને (૮) વિશ્વમાં દેશનું સ્થાન (The Country in the World)નો સમાવેશ થાય છે.

ઉપરોકત આઠ બાબતોને શિક્ષણમાં પ્રવૃતિઓના માધ્યમથી સાંકળી લેવાની બાબતના હાર્દમાં રિપોર્ટમાં દર્શાવેલ ઉદાર શિક્ષણના હેતુઓને જોતાં સ્પષ્ટ થશે. "The aim of a liberal education is to unsettle presumptions, to defamiliarise the familiar, to reveal

what is going on beneath and behind appearances, to disorient young people and to help them to find ways to re-orient themselves. A liberal education aims to accomplish these things by questioning assumptions, by inducing self-reflection, by teaching students to think critically and analytically, by exposing them to the sense of alienation produced by encounters with radically different historical moments and cultural formations and with phenomena that exceed their, and even our own. Capacity to fully understand." ઉચ્ચ સ્થાનેથી બધા પ્રશ્નોના ઉત્તરો મળી જશે તેવા ભ્રમમાંથી બહાર નીકળી ઉદાર શિક્ષણને નવા સ્વરૂપમાં કેવી રીતે ઢાળી શકાય તે માટે વિશિષ્ટ પ્રયત્નો જરૂરી છે.

ઉદાર શિક્ષણના એક અંગ સમાન વિજ્ઞાનનું પાયાનું શિક્ષણ આજે અપ્રસ્તુત કેમ બની ગયું તે એક ચિંતા અને ચિંતનનો વિષય છે. જેમ વિનયન શાખામાં પ્રવેશ એ છેલ્લી પસંદગી છે તે જ રીતે વિજ્ઞાન શાખાના વિદ્યાર્થીઓ માટે પણ બી.એસસી.માં પ્રવેશ તે છેલ્લી પસંદગીવાળું ક્ષેત્ર બનતું જાય છે. વિજ્ઞાનનું પાયાનું શિક્ષણ જો પાંગળું બને તો દેશ સ્પર્ધાત્મકતાનો પાયો જ ગુમાવી દેશે. જો કે આના પરિણામો તો બે દાયકા બાદ જ જોવા મળે અને ત્યારે આપણી પાસે 'યુ' ટર્ન માટેનો કોઈ વિકલ્પ જ ન રહે તેવું થાય તેની સહજ ચિંતા અસ્થાને નથી. બી.એસસી.નું શિક્ષણ આપતી સંસ્થાઓ જ રાષ્ટ્રનિર્માણની ભૂમિકામાં બીજા જુવાળનું કામ કરવાની. કોલેજ કક્ષાએ પૂર્ણ તાલીમ પામેલા, કુશળ જ્ઞાનના સંવાહકો દ્વારા જ્ઞાન મૂડી ઊભી કરવાની દિશામાં ચિંતન જરૂરી છે. બી.એસસી.ના અભ્યાસ દ્વારા તત્કાલિન રોજગારી નહીં પરંતુ પાયાનું કામ કરનાર વૈજ્ઞાનિક માનસ ધરાવનાર બુદ્ધિધનને કેળવવાની વાત નજર સમક્ષ રાખીએ તો જ યોગ્ય દિશામાં પગલાં નિર્માણ થાય. બેઝિક સાયન્સ વિષેના ખ્યાલને ટાટા ઈન્સ્ટિટ્યૂટ ઓફ ફન્ડામેન્ટલ રિસર્ચના નવા ભવનના ઉદ્દ્ઘાટન પ્રસંગે પ્રખ્યાત વિજ્ઞાની ડૉ. હોમી ભાભાના શબ્દોમાં જોઈએ તો : "....basic investigations into the behaviour and structure of the physical world without any consideration regarding their utility whether the knowledge so acquired would ever be of any practical use." છે.

વિજ્ઞાનના શિક્ષણને પ્રસ્તુત બનાવવા માટે ઈન્ડિયન નેશનલ સાયન્સ એકેડેમિ, નવી દિલ્હી તથા ઈન્ડિયન એકેડેમિ ઓફ સાયન્સ, બેંગ્લોર દ્વારા અગીયારમી પંચવર્ષીય યોજના માટે બનાવેલ દસ્તાવેજમાં વિગતે ભલામણો કરવામાં આવી છે. જેમાં વિજ્ઞાનના શિક્ષણ માટે માળખાગત સુવિધાઓ સુધારવા પર ભાર તો મૂકાયો જ છે પરંતુ વિશેષ બાબત એ છે કે બેચલર ડિગ્રી સ્તરનું વિજ્ઞાનનું શિક્ષણ જોડાણ ધરાવતી કોલેજોમાં થાય છે તેને બદલે યુનિવર્સિટીઓએ પહેલ કરી તેમના અનુસ્નાતક વિભાગોની સાથે ડિગ્રી સ્તરનું વિજ્ઞાનનું શિક્ષણ આપતી કોલેજોને સંલગ્ન કરી પાંચ વર્ષના અભ્યાસક્રમો ચલાવવા પર ભાર મૂકેલ છે. અહેવાલમાં નોંધ્યું છે કે, "The first non-professional degree (Viz.B.Sc.) by itself is, of not much value or societal attractiveness unless it is, of educationally good quality, obtained in a lively research environment, and is supplemented by a professional edge. (e.g. additional skill building that adds to employability) or research experience.... At this stage, we need a second wave of nation building."

ઉદાર શિક્ષણની ત્રીજી શાખા વાણિજયના સંદર્ભે વિચારીએ તો કોમર્સ વિદ્યાશાખાને બજાર સાથે સીધો નાતો છે. બજારની સક્ષમતાનો આધાર ફેરફાર આત્મસાત કરવાની ગતિ (speed), પડતર (cost), ગુણવત્તા (quality) તથા સેવા (service) પર છે. વાણિજયના વિદ્યાર્થીઓમાં નવું શીખી લેવાની તત્પરતા, ઓછામાં ઓછા ખર્ચે ગુણવત્તાયુકત પેદાશો તથા સેવાનું નિરૂપણ કરવાની ક્ષમતા તથા કૌશલ્ય જ તેમને સુસંગત રાખી શકે. આ માટે બી.કોમ. તથા એમ.કોમ.ના અભ્યાસક્રમોમાં નવીનીકરણ થવું ખૂબ જ આવશ્યક છે. જો કે અન્ય વિદ્યાશાખાઓ કરતાં વાણિજય વિદ્યાશાખામાં વિષયોનું વૈવિધ્ય પૂરતું છે. તેમાં કમ્યુનિકેશન સ્કિલ્સથી માંડી વેપારી કાયદા સુધીના અભ્યાસક્રમો છે. આ અભ્યાસક્રમોમાં સમયની માંગ અનુરૂપ નવો ઓપ આપવાની તથા કૌશલ્ય ઘડતર પર વિશેષ ભાર મૂકવાની જરૂરિયાત છે. સમગ્ર વિશ્વમાં જે રીતે સેવાકીય ક્ષેત્રનો વિસ્તાર થઈ રહયો છે તે જોતાં વાણિજય વિદ્યાશાખા પાસે અનેક તકો પડેલી છે. ટેલી જેવા આધુનિક પેકેજ થકી સરળતાથી હિસાબો લખી શકાય છે છતાં હજી પુરાણી પધ્ધતિથી વર્ગખંડમાં દાખલા ગણાવવાની રીતમાં ધરખમ ફેરફારો જરૂરી છે.

સેમિસ્ટર પ્રણાલી તથા પસંદગીયુકત ક્રેડિટ પધ્ધતિમાં ઉપરોકત દર્શાવેલ તમામ બાબતોને સહેલાઈથી આમે જ કરવાની શકયતાઓ ખૂબ જ રહેલી છે. હાલના બંધિયાર માળખાને સ્થાને નવું લચીલું (flexible) માળખું અનેક પ્રયોગો માટે મોકળાશ પૂરું પાડે તેવું છે. આ માટે માત્ર ટોપ-ડાઉન કાર્યપધ્ધતિ બહુ કારગર ન નીવડે. સાચા અર્થમાં નવીનીકરણનો વિચાર ઉપરથી આવે પરંતુ તેના વિસ્તૃત અમલીકરણનો ઝીણવટપૂર્ણ રીતે વિગતવાર તૈયાર કરવાનો કાર્યક્રમ ''બોટમ-અપ''થી થાય તો હેતુ પૂર્ણતા તરફ જવાની ગતિમાં ચોકકસ ઝડપ આવે. સાથે સાથે તે પણ લક્ષમાં લેવાવું જોઈએ કે નવું કરવાની ઉતાવળમાં હાલનું માળખું પડી ભાગે અને સંપૂર્ણ અરાજકતા ન પ્રવેશે તે માટે ખૂબ જ વિગતવાર આયોજન કરવું જરૂરી છે. આ માટે એક મિશન તરીકે સુધારણા પ્રક્રિયાને લેવી પડે તથા બધાને સાથે જોડવા એ પાયાની જરૂરિયાત છે.

સારી બાબત એ છે કે રાજયની બધી જ યુનિવર્સિટીઓમાં હકારાત્મકતાનું વાતાવરણ ઝડપથી પ્રસરી રહયું છે. આચાર્યો, અધ્યાપકો તથા યુનિવર્સિટીઓના વડાઓ પણ આ નવીનીકરણના ખ્યાલને સમયની માંગ તરીકે સ્વીકારી ફેરફારો માટે કાર્યરત થયા છે તે આનંદની વાત છે. અધ્યાપકોની ઘટનો જે પ્રશ્ન છે તે પણ નવી પધ્ધતિના અમલીકરણની સાથે હલ થશે તો ગુજરાત ઉચ્ચ શિક્ષણના ક્ષેત્રે પણ નંબર વન બનવામાં ચોકકસ સફળ થશે તેવી શુભેચ્છા સહ.

૩૧ જાન્યુઆરી, ૨૦૧૦

બી.એ. પ્રજાપતિ
કુલપતિ

# યુનિવર્સિટી ન્યૂઝ

## સ્વર્ણિમ ગુજરાત : આચાર્ય ક્ષમતા સંવર્ધન શિબિર

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી અને વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી એરીયા કોલેજ આચાર્ય મંડળના સંયુકત ઉપક્રમે સ્વર્ણિમ ગુજરાતની ઊજવણીના ભાગરૂપે તા. ૧૬-૦૧-૧૦ અને ૧૭-૦૧-૧૦ દરમ્યાન આચાર્ય-ક્ષમતા-સંવર્ધન શિબિરનું આયોજન કરવામાં આવ્યું.



શિબિરનું ઉદ્ઘાટન સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના કુલપતિશ્રી ડૉ. કમલેશ જોષીપુરા અને કુલપતિશ્રી પ્રો.બી.એ. પ્રજાપતિના વરદ્ વસ્તે કુલસચિવશ્રી જે.આર. મહેતા તથા વિવિધ વિભાગના અધ્યક્ષશ્રીઓ, અધિકારીઓ અને યુનિવર્સિટી સંલગ્ન કોલેજોના આચાર્યોની ઉપસ્થિતિમાં થયું.





ડૉ. જોષીપુરાએ ગવર્નન્સ ઈન હાયર એજયુકેશન વિષય પરના વ્યાખ્યાનમાં જણાવ્યું કે : વહીવટમાં પારદર્શકતા હોવી જરૂરી છે. બજેટ સહિત દરેક કાર્યનું ઝીણવટપૂર્વક પ્લાનીંગ હોય તો સંસ્થાએ ધારેલા લક્ષ્યાંકો પાર પડી શકે.





એડવોકેટશ્રી ધવલ દવેએ કાનૂની બાબતોમાં માર્ગદર્શન આપ્યું હતું. ઉચ્ચશિક્ષણ કમિશ્નરશ્રીની કચેરીમાંથી આવેલ ટીમના સભ્યો શ્રી હસમુખભાઈ પટેલ, શ્રી જાડેજાજી, વિગેરેએ સપ્તધારા યોજના અંતર્ગત થયેલ વિવિધ પ્રવૃત્તિનો ચિતાર આપ્યો હતો. પૂર્વ કુલપતિશ્રી ડૉ. આર.જી. કોઠારીએ 'ચોઈઝ બેઈઝ ક્રેડિટ સીસ્ટમ' અન્વયે, પ્રથમ, દ્વિતીય અને તૃતીય વર્ષ દરમ્યાન વિવિધ વિષયોની પસંદગી કઈ રીતે થઈ શકે અને તેના ક્રેડિટ (ગુણ)ની ગણતરી કઈ રીતે થઈ શકે તેની વિસ્તારપૂર્વક ચર્ચા કરી હતી.





કાર્યક્રમની પૂર્ણાહૂતિ કુલપતિશ્રી પ્રો. બી.એ. પ્રજાપતિ, કુલસચિવશ્રી જે.આર. મહેતા, સિન્ડિકેટ સભ્યશ્રીઓની ઉપસ્થિતિમાં સંપન્ન થઈ હતી.

શિબિર દરમિયાન શ્રી જયંતી રવિએ (કમિશ્નરશ્રી, ઉચ્ચ શિક્ષણ) મુલાકાત લીધી હતી. શિબિરમાં ગ્રાન્ટ ઈન એઈડ અને સેલ્ફ ફાઈનાન્સ કોલેજોના ૧૨૮ આચાર્યો ઉપસ્થિત રહયા હતા. શ્રી જી. નારાયણને મૂલ્ય આધારિત શિક્ષણ પર આપણા પ્રાચીન ગ્રંથો અને આધુનિક સમયના ઉદાહરણ સહિત વિશદ્તાથી છણાવટ કરી હતી.






શ્રી એન.એન.ભૂપતાની, કુલસચિવ, ગુજરાત ટેકનિકલ યુનિવર્સિટી અને કચ્છ યુનિવર્સિટીના કુલપતિશ્રીના શશિરંજન યાદવે ઉચ્ચ શિક્ષણમાં ઈન્ફોર્મેશન ટેકનોલોજીના ઉપયોગથી કામ કેટલી ઝડપથી અને સરળતાથી કરી શકાય, તેમજ વિદ્યાર્થીઓના પ્રવેશ ફોર્મ, પરીક્ષા ફોર્મ ઓન લાઈન ભરાવવાથી વિદ્યાર્થીઓને પડતી મુશ્કેલી દૂર થઈ શકે તેની સમજૂતી આપી હતી.



ડૉ. બી.આર. આંબેડકર ઓપન યુનિવર્સિટીના કુલપતિશ્રી મનોજ સોનીએ વેદોના દ્રષ્ટાંત દ્વારા ઉચ્ચશિક્ષણમાં આચાર્યની ભૂમિકા વિશે જણાવ્યું હતું.

ડૉ. અનિલ કાણેએ જૂથમાંથી એક ટીમ કઈ રીતે બનાવી શકાય અને તેના દ્વારા ઉચ્ચશિક્ષણમાં ઉત્કૃષ્ટતા કઈ રીતે લાવી શકાય તે વિશે જણાવ્યું હતું.



## Chemistry Department

Prof. P. Bahadur has been awarded fellowship of Royal Society of Chemistry, UK.

Under the UGC Major Research Project Scheme Dr. B. A. Shah has been granted Rs. 4, 61, 800/- for a research project "Heavy metal budget and transport in the costal water system on the estuary of Tapi by open focused microwave assisted extraction and its determination by atomic absorption spectroscopy" and Prof. N.B. Patel Rs. 3,06,500/- for a research project "Microwave assisted and conventional synthesis of N, S & O atoms containing heterocycles, their stereochemistry and antimicrobial evaluation studeis for green chemistry aspects".

UGC has also sanctioned five UGC-BSR research fellowship in science for meritorious students registered for Ph.D. degree in the department. Congratulation.

## પ્રજાસત્તાક પર્વ



૬૧મા પ્રજાસત્તાક પર્વની ઊજવણી
(કુલપતિશ્રી પ્રોફે. બી.એ. પ્રજાપતિ)

## પક્ષી બચાવો વ્યવસ્થાપન વર્કશોપ

ઉત્તરાયણ પર્વને ધ્યાનમાં રાખીને યુનિવર્સિટી અને વન વિભાગ, ગુજરાત સરકારના ઉપક્રમે તા. ૧૧-૦૧-૨૦૧૦ના રોજ 'પક્ષી બચાવો વ્યવસ્થાપન' વર્કશોપ કુલપતિશ્રી બી.એ. પ્રજાપતિની અધ્યક્ષતામાં યુનિવર્સિટી પરિસર પર યોજાઈ ગયો. સ્થાનિક ઓર્ગેનાઈઝીંગ સેક્રેટરી તરીકે બાયોસાયન્સ વિભાગના ડૉ. એસ.કે. ટાંકે જણાવ્યું કે : આ પ્રકારના વર્કશોપનું આયોજન પ્રથમ વખત કરવામાં આવ્યું છે. વન વિભાગના કન્ઝર્વેટર આન્ડે, ડેપ્યુટી કન્ઝર્વેટર શ્રી પ્રજાપતિ ખોબાંગ અને શ્રી પ્રતાપસિંહ ડાભી હાજર રહયા હતા. ૧૫૦થી વધારે વિદ્યાર્થીઓ અને સ્વયંસેવકો આ ઉમદા કાર્યમાં ઉપસ્થિત રહયા હતા. નેચર કલબ સુરત અને પ્રયાસ






સંસ્થાના પ્રતિનિધિઓએ ગત વર્ષે કરેલ પક્ષી બચાવ કામગીરીનું નિદર્શન કરેલ. કુલપતિશ્રીએ અધ્યક્ષીય પ્રવચનમાં જણાવેલ કે : આ પ્રકારના કાર્યક્રમો થાય અને ગુજરાત વન વિભાગ અને આપણી યુનિવર્સિટી કાયમને માટે કોઈ રચનાત્મક સંશોધન કરે. તે જરૂરી છે.





## માનવ વિકાસ દિન

આર્થિક વિકાસનો અંતિમ ધ્યેય માનવ વિકાસ છે, પરંતુ ઘણા વર્ષો સુધી વિકાસની વ્યુહ રચનામાં આર્થિક વૃધ્ધિને પ્રાધાન્ય આપવામાં આવ્યું. આ વ્યુહ રચનામાં આર્થિક વૃધ્ધિથી માનવ વિકાસ આપોઆપજ થશે એ પ્રકારની અભિધારણા અભિપ્રેત હતી. પરંતુ વિવિધ રાષ્ટ્રોના અનુભવો આ બાબતને સમર્થન આપતા ન હતા. વિકાસની વ્યુહ રચનામાં અર્થિક વૃધ્ધિ મહત્વનો મુદ્દો બની ગયો અને માનવ વિકાસની બાબત ગૌણ બની ગઈ. ભારત ઉપખંડના બે





પ્રખ્યાત અર્થશાસ્ત્રીઓ અર્મત્ય સેન અને મેહબૂબ-ઈલ-હક્ દ્વારા વિકાસની વ્યૂહ રચનામાં માનવ વિકાસનું મહત્વ પ્રસ્થાપિત કરવા સૈધ્ધાંતિક ભૂમિકા પૂરી પાડી છે. માનવ વિકાસની વિવિધ સમસ્યાઓનો અભ્યાસ યુએનડીપી દ્વારા હાથ ધરવામાં આવે છે અને તેને પ્રતિવર્ષ માનવ વિકાસ અહેવાલના સ્વરૂપમાં પ્રકાશિત કરવામાં આવે છે. રાષ્ટ્રીય કક્ષાએ અને જિલ્લા કક્ષાએ માનવ વિકાસની પૂરતી સમજણના અભાવે જરૂરી મહત્વ આપવામાં આવતુ નથી. માનવ વિકાસ અંગે જરૂરી જાગૃતતા અને સભાનતા કેળવવા માટે રાજય સરકાર યુનાઈટેડ નેશન્સ ડેવલપમેન્ટ પ્રોગ્રામના સહયોગથી વિવિધ પ્રકલ્પ હાથ ધરવામાં આવ્યા છે. આ પ્રકલ્પના ભાગરૂપે યુનિવર્સિટીના ડિપાર્ટમેન્ટ ઓફ રિસર્ચ મેથોડોલોજી દ્વારા





તા. ૧૨-૦૧-૨૦૧૦ના રોજ સ્વામી વિવેકાનંદ જન્મ દિને માનવ વિકાસ દિનની ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે તજજ્ઞો પ્રો.રોહિત શુકલ, પ્રો.હેમંત શાહ, અને પ્રો.એ. શેખના વ્યાખ્યાનોનું આયોજન કરવામાં આવ્યું હતું. સરદાર પટેલ ઈન્સ્ટીટયુટ ઓફ સોશ્યલ એન્ડ ઈકોનોમિક રિસર્ચના ભૂતપૂર્વ પ્રાધ્યાપક રોહિત શુકલ દ્વારા સ્થાળાંતર અને માનવ વિકાસ વિષય પર વ્યાખ્યાન આપવામાં





આવ્યું હતું. તેઓએ સ્થળાંતર અને માનવ વિકાસને સ્પર્શતા અને વિવિધ પાસાઓ અને સમસ્યાની વિશદ્ છણાવટ કરી હતી. એચ.કે.આર્ટસ, અમદાવાદના પ્રો. હેમંત શાહ દ્વારા માનવ હકક અને માનવ વિકાસ અંગે રસપ્રદ વ્યાખ્યાન્આ આપ્યું હતું આર્થિક વિકાસ અને માનવ વિકાસની કડી અંગે પ્રો. શેખએ વિસ્તૃત માહિતી આપી હતી, કુલપતિશ્રી ડૉ. બી.એ. પ્રજાપતિએ માનવ વિકાસની વ્યૂહ રચનાના વિવિધ પાસાઓ અંગે સમજણ આપી હતી. અને તેની અગત્યતા સમજાવી હતી. આ કાર્યક્રમમાં સંલગ્ન કોલેજોના અધ્યાપકો, વિદ્યાર્થીઓ, વિભાગના વિદ્યાર્થીઓ, વિભાગના વડાશ્રીઓએ હાજરી આપી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. આ કાર્યક્રમનું આયોજન અને સંચાલન વિભાગના વડા ડૉ. કિરણ પંડયા દ્વારા કરવામાં આવ્યું હતું.

## ગ્રંથાલય

INFLIBENET તરફથી UGC infonet Digital Library Consortiyam અંતર્ગત યુનિવર્સિટી ગ્રંથાલયને JSTOR Publisherના 14018 Online e-resources 2010ના વર્ષ માટે ઉપયોગ કરવા માટે મળેલ છે. યુનિવર્સિટી પરિસરના ઈન્ટરનેટ પરથી ઉપયોગ કરી શકાશે. સંપર્ક માટે : www.vnsgulibrary.org અથવા www.ernet.in

## ૩૭મો યુવક મહોત્સવ અને ખેલકૂદ રમતોત્સવ






યુનિવર્સિટીનો ૩૭મો યુવક મહોત્સવ અને ખેલકૂદ રમતોત્સવ યુનિવર્સિટી પરિસર ઉપર તા. ૭, ૮, ૯, ૧૦ જાન્યુઆરી ૨૦૧૦ દરમ્યાન યોજાઈ ગયો. પહેલીવાર યુવક મહોત્સવમાં ૧૧૦ અને ખેલકૂદ રમતોત્સવમાં ૮૬ જેટલી કોલેજો/અનુસ્નાતક વિભાગોએ ભાગ લઈ એક વિશિષ્ટ કીર્તિમાન સ્થાપ્યો. લગભગ ૩,૦૦૦ વિદ્યાર્થી-વિદ્યાર્થિનીઓએ, કળાકાર અને રમતવીર તરીકે પોતાના કૌશલ્યને સ્પર્ધામાં ઉજાગર કર્યા. રંગમંચ ૧ થી ૫ ઉપર વિવિધ કળા સ્પર્ધાઓ સવારે ૯.૦૦ થી લઈ મોડી રાત્રે ૨.૦૦ વાગ્યા સુધી ચાલતી રહી હતી. બીજી તરફ સી.બી. પટેલ સ્પોર્ટસ કોમ્પલેક્ષ ઉપર ખેલકૂદ રમતોત્સવની રનીંગ, થ્રોઈંગ, જમ્પીંગ અને હર્ડલ્સની સ્પર્ધાઓ વહેલી સવારે ૬.૦૦ વાગ્યે થી સાંજે ૬.૦૦ વાગ્યા સુધી ચાલી હતી. આ રમતવીરો રાત્રે યુવક મહોત્સવમાં કળાની વિવિધ કૃતિઓ માણી સાંસ્કૃતિક આનંદ સાથે પોતાનો થાક દૂર કરતાં હતાં.





તા. ૦૮-૦૧-૨૦૧૦ના રોજ સવારે ૯.૦૦ કલાકે સી.બી. પટેલ સ્પોર્ટસ કોમ્પલક્ષ ઉપર કુલપતિશ્રી ડૉ. બી.એ. પ્રજાપતિએ શાંતિના દૂત કબૂતરોને ગગનમાં વિહાર કરતાં મૂકી ખેલકૂદ રમતોત્સવની સ્પર્ધાઓ શરૂ કરાવી હતી. આ દરમ્યાન સાંસદ શ્રીમતી દર્શનાબેન જરદોષ, દાતાશ્રી કમલેશ પટેલ પણ ઉપસ્થિત રહયાં હતાં. સવારે ૯.૩૦ કલાકે મુખ્ય રંગમંચ ૧ પર મહોત્સવોનો ઉદ્ઘાટન સમારંભ યોજાયો હતો. કુલસચિવશ્રી જે.આર. મહેતા અને બોર્ડ ઓફ સ્પોર્ટસના ચેરમેનશ્રી પ્રિ. ડૉ. વિનોદ પટેલે મહોત્સવની રૂપરેખા





આપી સૌને આવકાર આપ્યાં હતાં. નિયામકશ્રી અને સહાયક નિયામકશ્રીએ મહોત્સવોની વિગતો આપી. સાંસદ શ્રીમતિ દર્શનાબેન જરદોષે પોતાના કળા જીવનની રસપ્રદ અને માર્ગદર્શક વાતો કરી હતી. પ્રમુખ સ્થાનેથી કુલપતિશ્રીએ વિદ્યાર્થી, કળાકાર, રમતવીર, ભાઈઓ-બહેનોને ઉત્સાહિત કરે એવું વ્યકતવ્ય આપ્યું હતું. તા. ૦૯-૦૧-૨૦૧૦ના રોજ ગુજરાતના શિક્ષણમંત્રી શ્રી રમણલાલ વોરા મુલાકાતે પધાર્યા હતા.





યુનિવર્સિટી ખાતે સૌ પ્રથમવાર વેશભૂષા સ્પર્ધા આજ દિવસે યોજવામાં આવી હતી. "કળાયાત્રા"ના સ્વરૂપે યોજાયેલી આ સ્પર્ધામાં કોલેજોએ ભાગ લઈ સાંપ્રત અને ઐતિહાસિક વિષયો ઉપર વેશભૂષા દ્વારા વિષયને અનુરૂપ અભિવ્યકતી કરી હતી. આ "કળાયાત્રા"ને શિક્ષણ મંત્રીશ્રીએ ધ્વજ ફરકાવીને પ્રસ્થાન કરાવ્યું હતું. ત્યારબાદ તેઓશ્રીએ મહોત્સોવોનું ખૂબ રસપૂર્વક નિરિક્ષણ કર્યું હતું અને ખેલકૂદ રમતોત્સવમાં વિવિધ વિજેતા રમતવીરોને સુવર્ણ, રજત અને કાંસ્ય ચંદ્ર દ્વારા સન્માનીત કર્યા હતા. "કળાયાત્રા" પૂર્ણ થયા બાદ મુખ્ય રંગમંચ ઉપર યોજાયેલા સમારંભમાં કુલપતિશ્રીએ શિક્ષણમંત્રીશ્રી રમણલાલ વોરાનું શાલ અને સ્મૃતિ ભેટ દ્વારા સન્માન-અભિવાદન કર્યું, વધુમાં યુનિવર્સિટીની વિશિષ્ટ સિધ્ધીઓ અંગે માહિતી પ્રદાન કરી. મુખ્ય મહેમાન તરીકે શિક્ષણમંત્રીશ્રી રમણલાલ વોરાએ અત્યંત રસપ્રદ અને મનનીય વ્યાખ્યાન આપ્યું હતું. સ્વર્ણિમ ગુજરાતના આ વર્ષ તથા પર્વમાં વિદ્યાર્થીઓ પોતાને સમાજ ઉપયોગી નૂતન કાર્યમાં જોડી શકે એ માટે પ્રોત્સાહિત કર્યા

હતા. ત્યારબાદ વેશભૂષાની વિજેતા કોલેજોને પારિતોષિક વિતરણ કર્યું હતું. શ્રી રમણલાલ વોરાના વરદ હસ્તે કેમ્પસ ઉપર બંધાનાર બોયઝ હોસ્ટેલ તથા ઓડીટોરીયમના ભૂમિપૂજનની તકતીઓનું અનાવરણ કરાવવામાં આવ્યું હતું.




તા. ૧૦-૦૧-૨૦૧૦ના વિજયશ્રી સમારંભમાં અતિથિ વિશેષ પો.ક.શ્રી શિવાનંદ ઝાની ઉપસ્થિતિમાં યુવક મહોત્સવની સ્પર્ધાઓની પ્રથમ વિજેતા કૃતિઓને મંચસ્થ કરવામાં આવી. યુવક મહોત્સવ અને ખેલકૂદ રમતોત્સવનાં તમામ વિજેતાઓને વિજયપદ્મો પો. કમિશ્નરશ્રીના વરદ હસ્તે એનાયત કરવામાં આવ્યાં. શ્રી શિવાનંદ ઝાએ મહોત્સવોને અનુરૂપ વકતવ્ય આપી સૌના દિલ જીતી લીધા હતા. વિજયશ્રી સમારંભની પૂર્ણાહુતિ રાષ્ટ્રગીત દ્વારા કરવામાં આવી.




આ સમગ્ર મહોત્સવો દરમ્યાન સિન્ડિકેટ અને સેનેટના સભ્યોશ્રીઓ, વિવિધ વિદ્યાશાખાના ડિનશ્રીઓ, તમામ અનુસ્નાતક વિભાગના વડાશ્રીઓ, અધ્યાપકો, વિદ્યાર્થીઓ એમ સૌએ ઉપસ્થિત રહી મહોત્સવને એક અનેરૂં પીઠબળ પુરૂં પાડયું હતું.







## 37th Inter College Athletic Meet 2009-10

**Result (Men) (Run) : 100 M.** ( I)Gamit Sanjay K. (C.P. Degree Physical Education, Rajpipla) (II.)Mangela Krunal R. (C.P. Degree Physical Education, Rajpipla) (III) Kokani Vipul R. (Arts & Commerce College, Vyara) **200 M.**(I) Gamit Mukesh G. (Arts & Commerce College, Vyara) (II) Gamit Sanjay K. (C.P. Degree Physical Education, Rajpipla) (III) Baria Narendra M. (B.M.C.P.E., Vesu, Surat) **400** (I) Khalasi Kapil H. (C.P. Degree Physical Education, Rajpipla) (II) Gamit Mukesh G. (Arts & Commerce College, Vyara) (III) Gamit Sanjay K. (C.P. Degree Physical Education, Rajpipla) **800 M.** (I) Kuvar Umesh G. (Vanraj Arts & Comm. College, Dharampur) (II) Khalasi Kapil H. (C.P. Degree Physical Education, Rajpipla) (III) Sailor Mayank S. (Navyug Commerce College, Surat) **1500 M** (I) Kuvar Umesh G. (Vanraj Arts & Comm. College, Dharampur) (II) Sailor Mayank S. (Navyug Commerce College, Surat) (III) Chaudhari Aashik M. (M. R. Desai Arts & Comm. College, Buhari) **5000 M.** (I) Chaudhari Mojesh J. (Vanraj Arts & Comm. College, Dharampur) (II) Chaudhari Kaushik R. (Arts & Commerce College, Buhari) (III) Bhogya Viththal K. (Arts & Commerce College, Killa Pardi) **10000 M.**(I) Chaudhari Mojesh J. (Vanraj Arts & Comm. College, Dharampur)(II) Chaudhari Kaushik R. (Arts & Commerce College, Buhari) (III) Chaudhari Yogesh S. (M. R. Desai Arts & Comm. College, Buhari) **110 M.** (I) Gamit Mukesh G. (Arts & Commerce College, Vyara) (II) Rathod Thakur R. (S. S. Agrawal , Navsari) (III) Patel Bipin S. (C.P. Degree Physical Education, Rajpipla) **400 M.**Hurd (I) Khalasi Kapil H. (C.P. Degree Physical Education, Rajpipla) (II) Gamit Mukesh G. (Arts & Commerce College, Vyara) (III) Kuvar Umesh G. (Vanraj Arts & Comm. College, Dharampur) **High Jump.** (I) Patel Bipin S. (C.P. Degree Physical Education, Rajpipla)(II) Damor Mayur H (B.M.C.P.E., Vesu, Surat) (III) Bhangi Nilesh D. (J.P.Shroff Arts & Comm. College, Valsad) **Long Jump** (I) Bagul Chetan D. (J.P.Shroff Arts & Comm. College, Valsad) (II) Kokani Vipul R. (Arts & Commerce College, Vyara) (III) Chavda Jigar J. (Shrimad Raj Aports, Tarsadi) **Triple Jump** (I) Gamit Bhavik R (B.M.C.P.E., Vesu, Surat) (II) Chavda Jigar J. (Shrimad Raj Aports, Tarsadi) (III) Pawar Yatin P. (Arts & Commerce College, Chovisi) **Shot Put** (I) Pathan Aadil R. (Arts & Commerce College, Vyara) (II) Jain Paras G. (M. K. Law College, Bharuch)(III) Yadav Naresh G. (Arts & Commerce College, Chovisi) **Discus Throw** (I) Jain Paras G. (M. K. Law College, Bharuch) (II) Desai Chirag R. (Shri J. D. Gabani Comm., Surat) (III) Pathan Aadil R. (Arts & Commerce College, Vyar) **Javelin Throw** (I) Gamit Mukesh G. (Arts & Commerce College, Vyara) (II) Nikam Rakesh V. (N. H. Commerce College, Valsad) (III) Mangela Krunal R. (C.P. Degree Physical Education, Rajpipla) **Hammer Throw** (I) Kalbaria Amit B. (Arts & Commerce College, Chovisi) (II) Pathan Aadil R. (Arts & Commerce College, Vyara) (III) Yadav Naresh G. (Arts & Commerce College, Chovisi) **4 x 400 mts. Realy** (I) Chaudhari Vijay M., Gamit Nikunj R., Gamit Mukesh G., Gamit Yusuf S. (Arts & Commerce College, Vyar) (II) Gamit Sanjay K. Khalasi Vipul S. Mangela Krunal R. Khalasi Kapil H. (C.P. Degree Physical Education, Rajpipla) (III) Chaudhari Mojesh J. Rathod Uttam K. Kuvar Umesh G. Sankya Sanjay K. Arts & Commerce College, Dharampur **4 x 100 mts. Realy** (I) Gamit Sanjay K. Khalasi Kapil H. Mangela Krunal R. Patel Manesh K. (C.P. Degree Physical Education, Rajpipla) (II) Baria Narendra N. Tandel Bhadresh S. Gamit Bhavik R. Vasava Jayanti S. (B.M.C.P.E., Vesu, Surat) (III) Jadhav Janya K. Bhoya Hitesh C. Rathod Umesh P. Bagul Tridev F. (N. H. Comm. College, Valsad)

**WOMEN : 100 M. Run.** (I)Gamit Nimisha A. Arts & Commerce College, Vyara (II)Borker Vijeta P. B. M. C. P. E. Vesu, Surat (III)Randeria Upashana H. J. P. Dawar M.Sc. I.T., Surat **200 M. Run.** (I)Borker Vijeta P. B. M. C. P. E. Vesu, Surat (II)Gamit Nimisha A. Arts & Commerce College, Vyara (III)Randeria Upashana H. J. P. Dawar M.Sc. I.T., Surat **400 M. Run.** (I)Borker Vijeta P. B. M. C. P. E. Vesu, Surat (II)Randeria Upashana H. J. P. Dawar M.Sc. I.T., Surat (III)Gamit Nimisha A. Arts & Commerce College, Vyara **800 M. Run.** (I)Randeria Upashana H. J. P. Dawar M.Sc. I.T., Surat (II)Gamit Manisha L. Arts & Commerce College, Vyara (III)Chaudhari Nilam B. Arts & Commerce College, Buhari **1500 M. Run.** (I)Bhoya Durga P. Vanraj Arts & Commerce Coll., Dharmpur (II)Chaudhari Narmda H. Arts & Commerce College, Vyara (III)Randeria Upasana H. J. P. Dawar Inst. Of Science & Tech., Surat **3000 M. Run.** (I)Chaudhari Pooja N. J. P. Dawar Inst. Of Science & Tech., Surat (II)Bhoya Durga P. Vanraj Arts & Commerce Coll., Dharmpur (III)Bhoya Kailash B. Vanraj Arts & Commerce Coll., Dharmpur **100 M. Hurd.** (I)Borker Vijeta P. B. M. C. P. E. Vesu, Surat (II)Chaudhari Manisha R. Arts & Comm. College, Vyara (III)Gamit Suhasini T. M. T. B. Surat **Long Jump** (I)Borker Vijeta P. B. M. C. P. E. Vesu, Surat (II)Gamit Nimisha A. Arts & Commerce College, Vyara (III)Chaudhari Manisha N. Shrimad Raj School of Sports, Tarsadi **Triple Jump** (I)Borker Vijeta P. B. M. C. P. E. Vesu, Surat (II)Chaoudhari Raxa I. C.P. Degree Physical Education, Rajpipla (III)Chaudhari Manisha G. Arts & Commerce College, Mandvi **High Jump** (I)Borker Vijeta P. B. M. C. P. E. Vesu, Surat (II)Patel Chetana B. B. M. C. P. E. Vesu, Surat (III)Italiya Dipika M. J.B.D.Mahila Varachha, Surat **Shot Put** (I)Maishuriya Hitaxi R. C.P. Degree Physical Education, Rajpipla (II)Kamani Nilam D. Arts & Commerce College, Amroli (III)Kakadiya Dhara N. Z.F.Wadia Women's, Surat **Discus Throw** (I)Maishuriya Hitaxi R. C.P. Degree Physical Education, Rajpipla (II)Kakadiya Dhara N. Z.F.Wadia Women's, Surat (III)Tandel Namrata R. B. M. C. P. E. Vesu, Surat **Javelin Throw** (I)Maishuriya Hitaxi R. C.P.Degree Physical Education, Rajpipla (II)Tandel Namrata R. B.M.C. P. E. Vesu, Surat (III)Gamit Rupali D. J. P. Shroff Arts College, Valsad **4 x 100 mts. Realy** (I) Chaudhari Narmada H. Chaudhari Manisha R. Gamit Manisha L. Gamit Nimisha A. (Arts & Commerce College, Vyara) (II) Vasava Mira R. Maishuriya Hitaxi R. Vasava Anju A. Chaudhari Raxa I. (C.P. Degree Physical Edu., Rajpipla) (III) Chaudhari Harshida P. Chaudhari Jyoti S. Chaudhari Nilim D. Chaudhari Bhavana A. (Arts & Commerce College, Buhari)

**Team Champion :** C.P. Degree Physical Education, Rajpipla **Total Point : 68**

**Runners-up:** Arts & Commerce College, Vyara {Boys 35 + Girls 22}**Total Point : 57**

**Individual Champion (Women)** : Vijeta P. Borkar, B.M.C.P.E., Bharthana, Vesu**Total Point : 33**

## યુવક મહોત્સવ : પરિણામ

**(૧) એકાંકી નાટક (સ્વ. દિપકલાલ મગનલાલ રેશમવાલા વિજયપદ્મ)** પ્રથમ : (૧) પળ પળ વમળ, પ્રો. વી.બી. શાહ ઈન્સ્ટી. ઓફ મેનેજમેન્ટ, અમરોલી. દ્વિતીય : (૧) ચીર સ્વયંવરા, એસ.પી.બી. ઈંગ્લીશ મિડિયમ કોલેજ ઓફ કોમર્સ, સુરત. તૃતિય : (૧) કાળ રાત્રીના શ્યામ સિતારા, શ્રી જે.બી. ધારૂકાવાલા મહિલા આર્ટસ કોલેજ, સુરત. (૨) એક બંધ સંબંધ, શ્રી સી.જે. પટેલ વિદ્યાધામ કોલેજ ઓફ કોમર્સ, વરિયાવ. પ્રોત્સાહન : (૧) ન ઈતિ, શ્રી જે.ડી. ગબાણી કોમર્સ કોલેજ, સુરત. શ્રેષ્ઠ દિગ્દર્શન : પ્રથમ : (૧) પળ પળ વમળ, પ્રો. વી.બી. શાહ ઈન્સ્ટી. ઓફ મેનેજમેન્ટ, અમરોલી. દ્વિતીય : (૧) ચીર સ્વયંવરા, એસ.પી.બી. ઈંગ્લીશ મિડિયમ કોલેજ ઓફ કોમર્સ, સુરત. શ્રેષ્ઠ લેખન : (૧) પળ પળ વમળ, પ્રો. વી.બી. શાહ ઈન્સ્ટી. ઓફ મેનેજમેન્ટ, અમરોલી. શ્રેષ્ઠ સંગીત : (૧) ચીર સ્વયંવરા, એસ.પી.બી. ઈંગ્લીશ મિડિયમ કોલેજ ઓફ કોમર્સ, સુરત. શ્રેષ્ઠ પ્રકાશ : (૧) પળ પળ વમળ, પ્રો. વી.બી. શાહ ઈન્સ્ટી. ઓફ મેનેજમેન્ટ, અમરોલી. શ્રેષ્ઠ સન્નિવેશ : (૧) કાળ રાત્રીના શ્યામ સિતારા, શ્રી જે.બી. ધારૂકાવાલા મહિલા આર્ટસ કોલેજ, સુરત.

**(૨) સમૂહ નૃત્ય (મેમર્સ લક્ષ્મીચંદ ભગાજી વિજયપદ્મ)** પ્રથમ : (૧) શાહ એન.એચ. કોમર્સ કોલેજ, વલસાડ. દ્વિતીય : (૧) સરકારી આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, વાસદા. (૨) સરકારી આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, આહવા ડાંગ. તૃતીય : સર પી.ટી. સાર્વજનિક કોલેજ ઓફ સાયન્સ, સુરત. (૨) શ્રી જે.ડી. ગબાણી કોમર્સ કોલેજ, સુરત. પ્રોત્સાહન : આર્ટસ, સાયન્સ એન્ડ કોમર્સ કોલેજ, ખોલવડ.

**(૩) સમૂહ ગીત (સ્વ. ભગુભાઈ નાથુભાઈ જરીવાલા વિજયપદ્મ)** પ્રથમ : (૧) શ્રી જયેન્દ્રપુરી આર્ટસ એન્ડ સાયન્સ કોલેજ, ભરૂચ. દ્વિતીય : (૧) એસ.વી. પટેલ કોલેજ ઓફ કોમર્સ, સુરત. તૃતીય : (૧) સર પી.ટી. સાર્વજનિક કોલેજ ઓફ સાયન્સ, સુરત, (૨) એસ.પી.બી. ઈંગ્લીશ મિડિયમ કોલેજ ઓફ કોમર્સ, સુરત. પ્રોત્સાહન : (૧) સરકારી આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, આહવા ડાંગ.

**(૪) ગરબા (રોટરી કલબ ઓફ સુરત વિજયપદ્મ)** પ્રથમ : (૧) શાહ એન.એચ. કોમર્સ કોલેજ, વલસાડ. દ્વિતીય : (૧) શ્રી જે.બી. ધારૂકાવાલા મહિલા આર્ટસ કોલેજ, સુરત, (૨) જે.ઝેડ. શાહ આર્ટસ એન્ડ એચ. પી. દેસાઈ કોમર્સ કોલેજ, અમરોલી. તૃતીય : (૧) વી.એસ. પટેલ કોલેજ ઓફ આર્ટસ એન્ડ સાયન્સ, બીલીમોરા, (૨) જે.પી. શ્રોફ આર્ટસ કોલેજ, વલસાડ. પ્રોત્સાહન : (૧) સરકારી આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, આહવા ડાંગ.

**(૫) એક વ્યકિત અભિનય (શ્રી ધનરાજ જે. પરમાર ચેરીટેબલ ટ્રસ્ટ વિજયપદ્મ)** પ્રથમ : (૧) મિસ્ત્રી નિલમ કે., જે.ઝેડ. શાહ આર્ટસ એન્ડ એચ. પી. દેસાઈ કોમર્સ કોલેજ, અમરોલી. દ્વિતીય : (૧) જાનકી ઠાકોર, બી.આર.સી.એમ. કોલેજ ઓફ બિઝનેસ એન્ડ એડમિનિસ્ટ્રેશન, સુરત, (૨) શ્રી જે.ડી. ગબાણી કોમર્સ કોલેજ, સુરત. તૃતીય : નિલમ મોર્ય, ડિપા. ઓફ સ્ટેટ. વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત, (૨) ચૈતાલી રાણા, સાઉથ ગુજરાત ઈન્સ્ટ્. ઓફ મેડિકલ સાયન્સ, નવસારી, (૩) આનંદ ઝવેરી, સી.ડી. બરફીવાલા કોલેજ ઓફ કોમર્સ, સુરત.

**(૬) શાસ્ત્રીય નૃત્ય (સ્વ. કુસુમબેન નટવરલાલ જરીવાલા વિજયપદ્મ) (ભરતનાટયમ)** પ્રથમ : (૧) વ્યાસ ત્વિષા કિલ્લેલકુમાર, શ્રીમતી આર.પી. ચૌહાણ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, વ્યારા. દ્વિતીય : (૧) મહાડિક દિપશ્રી વિનાયક, બેચલર ઓફ ફાઈન આર્ટસ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત. તૃતીય : (૧) યશિતા આશિતભાઈ તારમાસ્તર, સી.બી. પટેલ કમ્પ્યૂટર કોલેજ, ભરઠાના,(૨) સંજીધા કે. સંજીવ, શ્રીમતી કે.કે. આર્ટસ એન્ડ કોમર્સ

કોલેજ, અંકલેશ્વર. **(કથ્થક નૃત્યશૈલી)** પ્રથમ : (૧) વોરા મૃગા પરેશભાઈ, આર્ટસ સાયન્સ એન્ડ કોમર્સ કોલેજ, ખોલવડ.

**(૭) શાસ્ત્રીય કંઠ્ય સંગીત (સ્વ. નટવરલાલ ભગુભાઈ જરીવાલા વિજયપદ્મ)** પ્રથમ : (૧) વી.એસ. પટેલ કોલેજ ઓફ આર્ટસ એન્ડ સાયન્સ, બીલીમોરા. દ્વિતીય : (૧) વઘાસિયા ભાવેશ કે., પ્રો. વી.બી. શાહ ઈન્સ્ટી. ઓફ મેનેજમેન્ટ, અમરોલી. તૃતીય : (૧) નારણલાલા ઈન્સ્ટી. ઓફ ટીચર એજ્યુકેશન, નવસારી, (૨) ડિપા. ઓફ અંગ્રેજી, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત.

**(૮) હળવું કંઠ્ય સંગીત (બેંક ઓફ ઈન્ડિયા વિજયપદ્મ)** પ્રથમ : (૧) ફાગણનો ફાગ, પ્રો. વી.બી. શાહ ઈન્સ્ટી. ઓફ મેનેજમેન્ટ, અમરોલી. દ્વિતીય : (૧) સાત સાત પગલાંઓ, શ્રી જયેન્દ્રપુરી આર્ટસ એન્ડ સાયન્સ કોલેજ, ભરૂચ, (૨) મોરપીછમાં રાધાની આંખો, સર કે.પી. કોલેજ ઓફ કોમર્સ, સુરત. તૃતીય : (૧) તારી રાહ જોઉં છું, વી.એસ. પટેલ કોલેજ ઓફ આર્ટસ એન્ડ સાયન્સ, બીલીમોરા, (૨) આ હૃદય...., સી.ડી. બરફીવાલા કોલેજ, સુરત. પ્રોત્સાહન : (૧) ઈવનીંગ કોમર્સ કોલેજ, સુરત, જે.એમ. શાહ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, જંબુસર.

**(૯) શાસ્ત્રીય વાદ્ય સંગીત (સ્વર વાદ્ય) (બારડોલી પ્રદેશ કેળવણી મંડળ વિજયપદ્મ)** પ્રથમ : (૧) પટેલ વામેશ સી., જે.પી. શ્રોફ આર્ટસ કોલેજ, વલસાડ. દ્વિતીય : (૧) વિદ્યાભારતી કોલેજ, ઉમરખા. તૃતીય : (૧) ઈવનીંગ કોમર્સ કોલેજ, સુરત.

**શાસ્ત્રીય વાદ્ય સંગીત (તાલ)** પ્રથમ : (૧) પટેલ વંદના કિશોરભાઈ, વી.એસ. પટેલ, બીલીમોરા. દ્વિતીય : (૧) નારણલાલા ઈન્સ્ટી. નવસારી, (૨) ડી.આર.બી. પટેલ કોમર્સ કોલેજ, ભરથાના. તૃતીય : (૧) પ્રો. વી.બી. શાહ ઈન્સ્ટી. ઓફ મેનેજમેન્ટ, અમરોલી, (૨) સી.ડી. બરફીવાલા કોલેજ, સુરત.

**(૧૦) હસ્તકળા (સ્વ. ઠાકોરભાઈ (ભાગોદ) વિજયપદ્મ)** પ્રથમ : પરમાર મૌનિક એસ., શાહ એન.એમ. કોમર્સ કોલેજ, વલસાડ, (૨) પટેલ મનિષ એચ., શ્રી એમ.કે. મહેતા કોલેજ ઓફ એજ્યુકેશન, ઉમરગામ. દ્વિતીય : (૧) રાજભર વિકેશ રાજારામ, શ્રી મોરારજી દેસાઈ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, બુહારી, (૨) ગામિત નીતેષકુમાર એસ., સરકારી આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, વાસદા. તૃતીય : (૧) વસાવા અંજના પાંચીયાભાઈ, સરકારી વિનયન એન્ડ વાણિજ્ય કોલેજ, નેત્રંગ, (૨) નાઈક મોક્ષીદા જે., ડી.ડી. લો કોલેજ, નવસારી. ચતુર્થ (પ્રોત્સાહન) : (૧) શીખા મારૂ એસ., શ્રી સર્વોદય શિક્ષણ મંડળ સંચાલિત બી.એડ. કોલેજ, સુરત, (૨) પટેલ મયુર ચંદુભાઈ, આર્ટસ અને કોમર્સ કોલેજ, ચીખલી, (૩) પટેલ જાનકી જયેન્દ્રભાઈ, શ્રી આર.એમ. કોલેજ ઓફ કોમર્સ, રાજપીપળા, (૪) ડોડીયા સોનલ સી., શ્રીમતી જે.પી. શ્રોફ આર્ટસ કોલેજ, વલસાડ, (૫) રઘોડિયા કિરણ મોહનભાઈ, ઝેડ.એફ. વાડિયા વુમન્સ આર્ટસ કોલેજ એન્ડ એન.કે. જહોટા કોમર્સ કોલેજ, સુરત.

**(૧૧) શીઘ્ર ચિત્ર સ્પર્ધા** પ્રથમ : (૧) ટંડેલ પરિમલકુમાર છગનભાઈ, શ્રીમતી જે.પી. શ્રોફ આર્ટસ કોલેજ, વલસાડ, (૨) મારૂ સોનલ કે., પ્રો. વી.બી. શાહ ઈન્સ્ટી. ઓફ મેનેજમેન્ટ, અમરોલી. દ્વિતીય : (૧) જીનવાલા ધર્મિષ્ઠા આર., સર કે.પી. કોલેજ ઓફ કોમર્સ, સુરત, (૨) હીમેશ ભાગોળ, સરકારી કોલેજ, દમણ. તૃતીય : (૧) ગામીત અલ્પેશ વિનુભાઈ, શ્રી એમ.આર.ડી. આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, બુહારી, (૨) લોખંડવાલા હુસેન એ., જે.ઝેડ. શાહ આર્ટસ એન્ડ એચ. પી. દેસાઈ કોમર્સ કોલેજ, અમરોલી. ચતુર્થ વિજેતા (પ્રોત્સાહન) : (૧) પ્રજાપતિ રાકેશકુમાર પી., અખંડ આનંદ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, સુરત, (૨) ચોકસી નિકિતા એન., શ્રીમતી જી.એન. પંડયા બી.એડ. કોલેજ, ભેસ્તાન, (૩) મોદી પુજા એ., એમ.કે. કોલેજ ઓફ કોમર્સ, ભરૂચ, (૪) ડામલીયા કેવલ એસ., સર પી.ટી. સાર્વજનિક કોલેજ ઓફ સાયન્સ, સુરત, (૫) અંજરીયા પિયુષ સુરેશચંદ્ર, એમ.ટી.બી. આર્ટસ કોલેજ, સુરત.

**(૧૨) કાવ્ય પઠન** પ્રથમ : (૧) મોદી વિકિશા, સરકારી આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, આહવા ડાંગ, (૨) ખ્યાતિ પટેલ, વી.ટી. ચોકસી સાર્વજનિક કોલેજ ઓફ એજ્યુકેશન, સુરત. દ્વિતીય : (૧) નિશા સિંગ, સરકારી કોલેજ, દમણ, (૨) જયશ્રી યાદવ, શ્રી સરસ્વતી હિન્દી મહાવિદ્યાલય, સુરત. તૃતીય : (૧) જૈનિશ ભગત, ડિપા. બિઝનેશ એન્ડ ઈન્ડસ્ટ્રિયલ, વી.એન.દ.ગુ.યુનિ. સુરત, (૨) જાનકી ઠાકોર, બી.આર.સી.એમ. કોલેજ ઓફ બિઝનેસ એન્ડ એડમિનિસ્ટ્રેશન, સુરત.

**(૧૩) પાદ્ પૂર્તિ** પ્રથમ : (૧) પટેલ શર્વાણી અશોકભાઈ, શ્રીમતી જે.પી. ઓફ. આર્ટસ કોલેજ, વલસાડ. દ્વિતીય : (૧) ચૌધરી રોશનકુમાર પરસોત્તમભાઈ, શ્રી એમ.આર.ડી. આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, બુહારી, (૨) ભલમાંડ વિજયકુમાર દિલીપભાઈ, જે.ઝેડ. શાહ આર્ટસ એન્ડ એચ. પી. દેસાઈ કોમર્સ કોલેજ, અમરોલી. તૃતીય : (૧) શ્રી કાંત શનવય, એસ.પી.બી. ઈગ્લીશ મિડિયમ કોલેજ ઓફ કોમર્સ, સુરત.

**(૧૪) નવલિકા લેખન** પ્રથમ : (૧) દેસાઈ અંકિત અશોકભાઈ, બી.કે.એમ. સાયન્સ કોલેજ, વલસાડ, (૨) સોલંકી હર્ષિકા કરણસિંહ, આર. કે. દેસાઈ કોલેજ ઓફ એજયુકેશન, વાપી. દ્વિતીય : (૧) ધારા એન. પારેખ, એસએસ. અગ્રવાલ કોલેજ ઓફ આર્ટસ એન્ડ મેનેજમેન્ટ, નવસારી, (૨) ચૌધરી રોશનકુમાર પી., એમ.આર.ડી. આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, નવસારી. તૃતીય : (૧) ઝા રશ્મિ એચ., એમ.ટી.બી. આર્ટસ કોલેજ, સુરત.

## સ્પર્ધા

એલ.એન.આઈ.પી.ઈ. ગ્વાલીયર મુકામે આંતર યુનિવર્સિટી જીમનાસ્ટીક (ભાઈઓ/બહેનો) ટુર્નામેન્ટમાં ભાગ લેવા જનાર ટીમનો શુભેચ્છા સમારંભ કુલસચિવશ્રી જે. આર. મહેતાના પ્રમુખ પદે યોજયો હતો. મહાનુભાવોએ યુનિવર્સિટીનું નામ રમત-ગમત ક્ષેત્રે કીર્તિમાન કરવા ખેલાડીઓને શુભેચ્છા અને અભિનંદન પાઠવ્યાં હતા. યુનિવર્સિટીના સ્પોર્ટસ ડાયરેકટરશ્રી પોલ ડેવિડે ખેલાડીઓનો પરિચય કરાવ્યો હતો અને આભારવિધિ કરી હતી. શ્રી તેજસ શર્મા મેનેજર તરીકે સેવા આપી. ટીમ : ભાઈઓ : ૧) ખરપાસ સુમીત એલ., ૨) વસાવા રાહુલ આર., ૩) તડવી કલ્પેશ એ. ૪) ચોકસી સિધ્ધાર્થ એ., ૫) કદમ દિવ્યેશ એમ., ૬) પટેલ વિરલ એન., ૭) ચૌહાણ હરિશ કે., ૮) વસાવા ધર્મેશ એમ. બહેનો : ૧) કુ. વસાવા પ્રિયંકા પી., ૨) કુ. પટેલ અમી ડી., ૩) કુ. પટેલ હર્ષિદા વી., ૪) કુ. ચૌહાણ ક્રિષ્ણા કે., ૫) કુ. રાઠવા મનીષા વી., ૬) કુ. શ્યામલ રેશમા એલ.

જીવાજી યુનિવર્સિટી, ગ્વાલીયર મુકામે આંતર યુનિવર્સિટી હોકી (બહેનો) ટુર્નામેન્ટમાં ભાગ લેવા જનાર ટીમનો શુભેચ્છા સમારંભ કુલસચિવશ્રી જે.આર. મહેતાના પ્રમુખ પદે તથા ડૉ. અશોક સહાના અતિથિ વિશેષ પદે યુનિવર્સિટી પરિસર ખાતે યોજાયો હતો. મહાનુભાવોએ યુનિવર્સિટીનું નામ રમત-ગમત ક્ષેત્રે કીર્તિમાન કરવા ખેલાડીઓને શુભેચ્છા અને અભિનંદન પાઠવ્યાં હતાં. યુનિવર્સિટીના સ્પોર્ટસ ડાયરેકટરશ્રી પોલ ડેવિડે ખેલાડીઓનો પરિચય કરાવ્યો હતો અને આભારવિધિ કરી હતી. આ ટીમને કોચ શ્રી અલ્કેશ પટેલએ કોચીંગ આપ્યું હતું અને મેનેજર તરીકે પ્રો. ભાવેશ દેવતા સેવા આપી રહયા છે. ટીમ : ૧) કુ. પટેલ જાગૃતિ કે., ૨) કુ. પટેલ જાગૃતિ એલ., ૩) કુ. ઠેકેદાર રાધા એસ., ૪) કુ. ડોડી સુધા કે., ૫) કુ. પટેલ હિરલ એ., ૬) કુ. પટેલ ચેતના એસ., ૭) કુ. સતાશીયા નિરાલી એ., ૮) કુ. પટેલ ડિમ્પલ ડી., ૯) કુ. પરમાર સ્મીતા ડી., ૧૦) કુ. પટેલ

ઉર્વશી ટી., ૧૧) કુ. પટેલ તેજલ ડી., ૧૨) કુ. ભંડારી હેમાંગીની બી., ૧૩) કુ. આહિર દક્ષા ઝેડ., ૧૪) કુ. પટેલ અમીષા આઈ., ૧૫) કુ. હળપતિ હેમલતા એમ.

આચાર્ય નાગાર્જુન યુનિવર્સિટી મુકામે આંતર યુનિવર્સિટી હેન્ડબોલ (ભાઈઓ) ટુર્નામેન્ટમાં ભાગ લેવા જનાર ટીમનો શુભેચ્છા સમારંભ કુલપતિશ્રી બી. એ. પ્રજાપતિના પ્રમુખ સ્થાને તથા યુનિવર્સિટીના સહાયક નિયામકશ્રી કપિલદેવ શુકલના પદે યુનિવર્સિટી પરિસર ખાતે યોજાયો હતો. મહાનુભાવોએ યુનિવર્સિટીનું નામ રમત-ગમત ક્ષેત્રે કીર્તિમાન કરવા ખેલાડીઓને શુભેચ્છા પાઠવી અભિનંદન પાઠવ્યા હતા. યુનિવર્સિટીના કોચશ્રી આર. સી. ભાલાવાલાએ ખેલાડીઓનો પરિચય કરાવ્યો હતો અને આભારવિધિ કરી હતી. આ ટીમને કોચ શ્રી વિપુલ ભટ્ટએ કોચીંગ આપ્યું હતું અને મેનેજર તરીકે શ્રી રાજુભાઈ ગોહીલ સેવા આપી રહયા છે. ટીમઃ દેસાઈ મીત જે., ૨) ટંડેલ વિરલ આર., ૩) મિસ્ત્રી ભાવેશ એન., ૪) ટંડેલ દિક્ષિત આર., ૫) રાઠવા સંજય જે., ૬) ટંડેલ ભદ્રેશ એસ., ૭) ગોહીલ દિગ્વિજય કે., ૮) નારે ગૌરાંગ એચ., ૯) શાહ માલવ યુ., ૧૦) પટેલ અમીત આર., ૧૧) ભટ્ટ તેજસ કે., ૧૨) ગામીત કેયુર બી.

ગુરૂનાનક દેવ યુનિવર્સિટી, અમૃતસર મુકામે આંતર યુનિવર્સિટી વેઈટ લીફટીંગ, પાવર લીફટીંગ અને બેસ્ટ ફિઝિક (ભાઈઓ) ટુર્નામેન્ટમાં ભાગ લેવા જનાર ટીમનો શુભેચ્છા સમારંભ કુલપતિશ્રી બી.એ.પ્રજાપતિના પ્રમુખ સ્થાને તથા યુનિવર્સિટીના સહાયક નિયામકશ્રી કપિલદેવ શુકલના પદે યુનિવર્સિટી પરિસર ખાતે યોજાયે હતો. મહાનુભાવોએ યુનિવર્સિટીનું નામ રમત-ગમત ક્ષેત્રે કીર્તિમાન કરવા ખેલાડીઓને શુભેચ્છા પાઠવી અભિનંદન પાઠવ્યાં હતા. યુનિવર્સિટીના કોચશ્રી આર. સી. ભાલાવાલાએ ખેલાડીઓનો પરિચય કરાવ્યો હતો અને આભારવિધિ કરી હતી. આ ટીમને કોચ શ્રી અમીત રાઠોરે કોચીંગ આપ્યું હતું અને મેનેજર તરીકે શ્રી મયૂર પટેલ સેવા આપી રહયા છે. ટીમ : ૧) કલસારીયા અમીત બી., ૨) શુકલા સાગર આર., ૩) સેલર પ્રતિક એસ., ૪) ભટ્ટ મનન પી., ૫) શીકલીગર દિવ્યેશ એમ., ૬) રાંદેરીયા નિકેશ પી., ૭) રેતીવાલા દિપ બી., ૮) કાજી. મો. તકવીમ એસ., ૯) આહીર ગણેશ બી.

# કોલેજ ન્યૂઝ

## સુવર્ણ જયંતી




સર પી.ટી. સાર્વજનિક કોલેજ ઓફ સાયન્સ, સુરતના સુવર્ણજયંતી વર્ષ નિમિત્તે એન.એસ.એસ. વિભાગના ઉપક્રમે ઓલ ઈન્ડિયા ડેમોક્રેટીક સ્ટુડન્ટ્સ ઓર્ગેનાઈઝેશનના સહકારથી ચાર્લ્સ ડાર્વિનની દ્વિશતાબ્દી વર્ષ નિમિત્તે ફોટો પ્રદર્શન અને ચાર્લ્સ ડાર્વિનના જીવન કાર્ય વિષે ડોકયુમેન્ટરી ફિલ્મનું નિદર્શન તા. ૨૨-૧૧-૦૯ના રોજ કરવામાં આવ્યું હતું. પૂર્વ કુલપતિશ્રી બી.એ. પરીખે સ્લાઈડ શો દ્વારા ડાર્વિનના જીવન-કાર્ય વિષે રસપ્રદ માહિતી પૂરી પાડી હતી. સાર્વજનિક એજયુકેશન સોસાયટીના અધ્યક્ષશ્રી રજનીકાંત મારફતીયાએ આવકાર અને અભિવાદનની વિધિ કરતાં જણાવ્યું કે, સુવર્ણજયંતી વર્ષ દરમ્યાન પ્રવચનો અને વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવશે. સુવર્ણજયંતી કમિટીના અધ્યક્ષ ડૉ. સી.ઝેડ. શાહ અને ઈન્ડીયા ડેમોક્રેટીક સ્ટુડન્ટ્સ ઓર્ગેનાઈઝેશનના ગુજરાત એકમના ઉપપ્રમુખ શ્રી મુકેશ સેમવાલ કાર્યક્રમમાં ઉપસ્થિત રહયા હતા. ઈનચાર્જ આચાર્ય ડૉ. એસ.પી. કાપડીયાએ આભારવિધિ કરી હતી. જયારે કાયક્રમનું સંચાલન એન.એસ.એસ. પ્રો.ઓ. શ્રી વિરેશભાઈ ઠકકરે કર્યું હતું.

## એન.એસ.એસ.

સર પી.ટી. સાર્વજનિક કોલેજ ઓફ સાયન્સ, સુરતના એન.એસ.એસ વિભાગના ઉપક્રમે તા. ૦૩-૦૧-૨૦૧૦ના રોજ "ફિઝિયોથેરાપીનું જીવનમાં મહત્વ" વિષય પર સાર્વજનિક કોલેજ ઓફ ફિઝિયોથેરાપી"ના આસી. પ્રો. ડૉ. પ્રેરણાબેન તથા સ્વયં ગ્રુપના સભ્ય ડૉ. મૌલિક પટેલે વિધાર્થીઓને ફિઝિયોથેરાપી વિષયનું જીવનમાં શારિરીક અને માનસિક મહત્વ વિશે સમજ આપી હતી. મહેમાનોનું સ્વાગત, પરિચય તથા આભારવિધિ એન.એસ.એસ. પ્રો.ઓ. વિરેશભાઈ ઠકકરે કર્યું હતું.

## કાર્ય શિબિર



સર પી.ટી. સાર્વજનિક કોલેજ ઓફ સાયન્સ, સુરતની સુવર્ણજયંતી નિમિત્તે કોલેજના રસાયણ વિભાગ તરફથી એમ.એસસી. ભાગ-૧ માટે જુન-૨૦૧૦થી દાખલ થનાર સેમેસ્ટર પધ્ધતિનો અભ્યાસક્રમ નકકી કરવા અંગેના એક વર્કશોપનું આયોજન તા. ૧૦-૦૧-૨૦૧૦ના રોજ અધરડીન ડૉ. અશ્વીનભાઈ પટેલ અને યુનિવર્સિટી ડિપાર્ટમેન્ટના અધ્યક્ષ ડૉ. પી. બહાદુરના મહેમાનપદે કરવામાં આવ્યું હતું. રસાયણશાસ્ત્રના અધ્યક્ષ અને ઈન્ચાર્જ આચાર્ય ડૉ. એસ.પી. કાપડીયાએ અભ્યાસક્રમના માળખા અંગે માહિતી આપી હતી અને આભારવિધિ કરી હતી. કાર્યક્રમનું સંચાલન પ્રો. દક્ષાબેન જી. ભટ્ટે કર્યું હતું.

## યુવક મહોત્સવ




સર પી.ટી. સાર્વજનિક કોલેજ ઓફ સાયન્સ, સુરતને યુનિવર્સિટી આયોજિત ૩૭મો યુવક મહોત્સવમાં વિવિધ સ્પર્ધાઓ પૈકી : વેશભુષા : યુનિ. પ્રથમ ક્રમાંક, સમૂહ નૃત્ય : યુનિ. ત્રીજો ક્રમાંક, સમુહ ગીત : યુનિ. ત્રીજો ક્રમાંક, શીઘ્રચિત્ર સ્પર્ધા : યુનિ. ચતુર્થ ક્રમાંક (પ્રોત્સાહન)માં પુરસ્કાર મેળવ્યો હતો. અભિનંદન.

## સખાવત



સર પી.ટી. સાર્વજનિક કોલેજ ઓફ સાયન્સની લાઈબ્રેરીને આચાર્ય ડૉ. એ.જી. મહેતાના અથાગ પ્રયત્નો થકી કોલેજ લાઈબ્રેરીને આઈ.સી.આઈ. રિસર્ચ એન્ડ ટેકનોલોજી સેન્ટર, નવી મુંબઈ તરફથી રસાયણશાસ્ત્રનાં સંશોધનને લગતાં રૂા. ૨૦ લાખની કિંમતના ૫૭૯૨ જેટલાં (જર્નલ) પુસ્તકો દાનરૂપે મળ્યાં છે. આ સંશોધન જર્નલોમાં Chemical Abstract, Physical Chemistry, Organic Chemisty, Organometallic Chemistry, Chemical Society, Heterocyclic Chemistry તથા Engineering Chemistry વિગેરેનો સમાવેશ થાય છે. આ કોલેજનો રસાયણશાસ્ત્ર વિભાગ છેલ્લા ૬૫ વર્ષથી સંશોધન સાથે સંકળાયેલો છે. ઈન્ચાર્જ આચાર્ય ડૉ. એસ.પી. કાપડીયા તથા સમગ્ર પરિવાર આચાર્ય ડૉ. એ.જી. મહેતાને આ અમૂલ્ય સખાવત પ્રાપ્ત કરાવવા બદલ આભાર માનીને અભિનંદન પાઠવે છે અને ડૉ. એ.જી. મહેતાનો કોલેજ માટેનો અવિરત પ્રેમ કોલેજના ભાવિ વિકાસ માટે મળતો રહેશે એવી શુભેચ્છા પાઠવે છે.

સર કે.પી. કોલેજ ઓફ કોમર્સ, સુરતના એન.સી.સી.ના કેડેટસ દ્વારા ભૂતપૂર્વ સૈનિકો તેમજ વિધવાઓને મદદ કરવાના હેતુથી વિદ્યાર્થીઓમાંથી જ ફંડ ફાળો ઉઘરાવવામાં આવ્યો હતો. જે NCC 5. Guj. BN NCCમાં જમા કરાવવામાં આવ્યો.

## સ્પર્ધા

ડી.આર. પટેલ એન્ડ આ.બી. પટેલ કોમર્સ કોલેજ દ્વારા આયોજીત 'ઈન્ટર કોલેજ ક્રિકેટ ટુર્નામેન્ટ' અંતર્ગત ઝોન-Aની ક્વાર્ટર ફાઈનલ મેચ તા. ૫-૧-૧૦ના રોજ કઠોર જીમખાના મેદાન પર નવયુગ સાયન્સ કોલેજ અને બરફીવાલા કોમર્સ કોલેજ વચ્ચે રમાઈ હતી. જેમાં નવયુગ સાયન્સ કોલેજનો ૫૧ રનથી ભવ્ય વિજય થયો હતો. અભિનંદન.

જે.ઝેડ. શાહ આર્ટ્સ એન્ડ એચ.પી. દેસાઈ કોમર્સ કોલેજ, અમરોલીમાં વિવિધ સ્પર્ધાઓ યોજાઈ ગઈ. જેમાં (૧) તા. ૦૪-૧૨-૨૦૦૯ના રોજ યોજાયેલ "આંતરવર્ગીય મહેંદી સ્પર્ધા" પરિણામ : કોમર્સ : પ્રથમ - બોરડ દયા કે., દ્વિતીય : પટેલ કોમલ એ., સંઘાણી કિંજલ એન., તૃતીય : (૧) મોરડીયા શ્રદ્ધા સી., (૨) પટેલ મેઘના જે., આર્ટ્સ : પ્રથમ - પીપરીયા સોનલ વી., દ્વિતીય : (૧) કર્કર દક્ષા જે., (૨) વેગડ જયોતિ, તૃતીય : (૧) પટેલ જાગૃતિ વી., (૨) પટેલ પ્રિયંકા રહયા હતા. (૨) શ્રી પુરુષોત્તમભાઈ હરિભાઈ ઉમરાવ કોલેજ ઓફ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, કીમ મુકામે યોજાયેલ આંતર કોલેજ ડિબેટ સ્પર્ધામાં જે.ઝેડ. શાહ આર્ટ્સ એન્ડ એચ.પી. દેસાઈ કોમર્સ કોલેજ, અમરોલીની ટીમે પ્રથમ અને તૃતીય ઈનામ પ્રાપ્ત કર્યું છે. તથા વ્યકિતગત રીતે પણ પ્રથમ અને તૃતીય ક્રમ મેળવ્યો છે. પ્રથમ : શ્રી શૈલેષ એસ. જોષી, તૃતીય : શ્રી નીરજ વી કંસારા. (૩) તા. ૨૧-૧૨-૨૦૦૯ના રોજ પ્રતિભા નિખાર આંતરશાળા ચિત્રકલા સ્પર્ધામાં શહેરની વિવિધ શાળાઓમાં ૪૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. મહેમાનોને સ્મૃતિભેટ અને આવકાર આચાર્ય પ્રિ. ડૉ. કે.એન. ચાવડાએ આપ્યો હતો. સ્પર્ધામાં લાયન્સ પરિવારના સભ્યો ઉપસ્થિત રહયા હતા. સ્પર્ધકો અને વિજેતાઓને પ્રમાણ પત્ર, રોકડ ઈનામ તથા શિલ્ડ પ્રિ. ડૉ. કે.એન. ચાવડાના વરદ્ હસ્તે એનાયત કરવામાં આવ્યા. (૪) તા. ૨૨-૧૨-૨૦૦૯ના રોજ આંતર કોલેજ નવલિકા-લેખન સ્પર્ધા યોજવામાં આવી હતી. દીપ પ્રાગટયવિધિ મહેમાનશ્રીઓના વરદ્ હસ્તે થઈ. આ સ્પર્ધામાં લાયન પરિવાર ઉપસ્થિત રહયા હતા. પ્રિ. ડૉ. કે.એન. ચાવડાએ વિદ્યાર્થીઓને આર્ષદષ્ટા બનવાની પ્રેરણા અને માર્ગદર્શન આપી, ગઝલના માધ્યમે જિંદગીની નકરી વાસ્તવિકતા સમજાવી હતી. સ્પર્ધામાં પ્રથમ-કુ. જોષી મોનાબેન હરિશભાઈ, આર.કે. દેસાઈ કોલેજ ઓફ એજયુકેશન, વાપી, દ્વિતીય-કુ. રૂપાવાટીયા મિત્તલ જયંતિભાઈ, જે.ઝેડ. શાહ આર્ટ્સ એન્ડ એચ.પી. દેસાઈ કોમર્સ કોલેજ, અમરોલી તેમજ તૃતીય કુ. તન્વી અજયભાઈ, એમ.ટી.બી. આર્ટ્સ કોલેજ, સુરત રહયા હતા. (૫) તા. ૨૪-૧૨-૨૦૦૯ના રોજ પ્રિ. જે.બી. શાહ પુરસ્કૃત આંતર કોલેજ એકપાત્રીય અભિનય સ્પર્ધા યોજવામાં આવી હતી. જેમાં સંલગ્ન કોલેજોના ૫૯ વિદ્યાર્થીઓ હાજર રહયા હતા. દીપપ્રગટયવિધિ મહેમાનશ્રીઓએ કરી, સમારંભના પ્રમુખશ્રી પ્રિ. જે.બી. શાહે તથા મહેમાનશ્રી તરીકે ડૉ. જે.ટી દેસાઈ-શાહ કે.એમ. લો કોલેજ, વલસાડ તથા લાયન પરિવારના સભ્યશ્રીઓ હાજર રહયા હતા. અભિવાદન પ્રવચન પ્રિ. ડૉ. કે.એન. ચાવડાએ અને મહેમાનશ્રીઓનો પરિચય પ્રા. નેહાબેન ઉપાધ્યાયએ આપ્યો હતો. પ્રિ. ડૉ. કે.એન. ચાવડાએ વિદ્યાર્થીઓને અમરોલી કોલેજની સિધ્ધિઓને બિરદાવી, જીવનની સફળતા માટેની સલાહ આપી હતી. સ્પર્ધામાં પ્રથમ : (૧) કુ. મહેતા ધૃતી એમ. - ઝેડ.એફ. વાડિયા વુમેન્સ એન્ડ એન.કે. જહોટા કોમર્સ કોલેજ, સુરત. દ્વિતીય : (૧) શ્રી દેસાઈ અમીષ એસ.-ડી.ડી.લો કોલેજ, નવસારી, (૨) કુ. રાણા ચૈતાલી - સાઉથ ગુજરાત ઈન્સ્ટી. ઓફ મેડીકલ સાયન્સ, નવસારી. તૃતીય : (૧) કુ. મોર્ય નિલમ એ. - ડીપાર્ટમેન્ટ ઓફ સ્ટેટેસ્ટીકસ, વી.ન.દ.ગુ.યુનિ., સુરત. (૨) કુ. ઠકકર જાનકી-બી.આર.સી.એમ. કોલેજ, સુરત. (૬) પ્રિ. જે.બી. શાહ પુરસ્કૃત વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન કોલેજોની આંતર કોલેજ વકતૃત્વ સ્પર્ધાનું આયોજન તા. ૨૯-૧૨-૨૦૦૯ના રોજ કરવામાં આવ્યું હતું. જેમાં ૫૯ જેટલા સ્પર્ધકોએ ભાગ લીધો હતો. જેમાં પ્રથમ (૧) કુ. પ્રજાપતિ નિષ્ઠા-જે.એમ. શાહ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, જંબુસર. દ્વિતીય (૧) કુ. ઠોર ચુનૌતી-બી.પી. બારિયા સાયન્સ ઈન્સ્ટી.-નવસારી, (૨) કુ. તલાવીયા ચંદ્રાવલી જે. - ઝેડ.એફ. વાડિયા વુમેન્સ એન્ડ એન.કે. જહોટા કોલેજ ઓફ કોમર્સ, સુરત. તૃતીય (૧) કુ. પટેલ સારિકા - ભગવાન મહાવીર કોલેજ ઓફ એજયુકેશન, એમ.એડ્. સુરત, (૨) શ્રી છેતા ધવલ - પ્રો. વી.બી. શાહ એન્ડ આર.વી. પટેલ એન્ડ વી.એમ. શાહ કોલેજ, અમરોલી રહયા હતા. પ્રિ. જે.બી. શાહે વકતૃત્વકળા વિશે માર્ગદર્શન આપ્યું હતું. પ્રિ. ડૉ. કે.એન. ચાવડાએ અભિવાદન પ્રવચન કર્યું હતુ. મહેમાનોનો પરિચય પ્રા. નેહાબેન ઉપાધ્યાયે આપ્યો હતો. ડૉ. જે.પી. ગોહિલ-ડીનશ્રી, એજયુકેશન ફેકલ્ટી તથા લાયન પરિવાર હાજર રહયા હતા. સ્પર્ધાનું ઉદ્‌ઘાટન સ્પર્ધાના પ્રમુખશ્રી પ્રિ. જે.બી. શાહ અને મહેમાનશ્રીઓના હસ્તે મંગલદીપ પ્રગટાવી કર્યું હતું. જીવન જયોત ટ્રસ્ટના મંત્રીશ્રી અશ્વિનભાઈ પટેલ અને મહેમાનો, નિર્ણાયકો અને સ્ટાફ પરિવારના વરદ્‌હસ્તે રોકડ પુરસ્કાર, શીલ્ડ તેમજ ભાગ લેનાર સૌ વિદ્યાર્થીઓને પ્રોત્સાહન ઈનામ અને પ્રમાણપત્ર એનાયત કર્યા હતા. (૭) તા. ૩૦-૧૨-૨૦૧૦ના રોજ પ્લાનિંગ ફોરમ સમિતિ આયોજિત (૧) ગાંધીજીના શબ્દનો જાદુ, (૨) જીંદગીને શું કહીશું ? એક વરદાન કે શાપ ?, (૩) વર્તમાન ભારતની વિષમ પરિસ્થિતિઓ, (૪) આધુનિક અને માનવીય મૂલ્યો, (૫) આર્થિક પરિસ્થિતિના પરિણામે યુવાનોમાં (સામાજિક, માનસિક) સામાજિક-મનઃ સ્થિતિમાં ફેરબદલ, (૬) નોકરી કરતી મહિલાનો સંઘર્ષ વિષય ઉપર આંતર કોલેજ નિબંધ સ્પર્ધા યોજવામાં આવી હતી. જેમાં કુલ ૧૨૪ વિદ્યાર્થીઓએ ભાગ લીધો

હતો. જેમાં પ્રથમ : (૧) કુ. પટીયાર ભૂમિકા આર. - આર.કે. શાહ વુમેન્સ કોલેજ, અમરોલી, (૨) કુ. પટેલ ફાલ્ગુના એ - આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, ઓલપાડ. દ્વિતીય : (૧) કુ. પટેલ જિગીષા પી.-બી.જે. પટેલ કોલેજ ઓફ એજયુકેશન, બારડોલી, (૨) કુ. તન્ના રેશ્મા એસ. - નારણલાલા કોલેજ ઓફ કોમર્સ એન્ડ મેનેજમેન્ટ, નવસારી. તૃતીય : (૧) કુ. પટેલ શીતલ પી. - જે.એમ. શાહ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, જંબુસર, (૨) કુ. વખારીયા ઇલા એ.-જે.ડી. ગાબાણી કોમર્સ કોલેજ, સુરત. (૮) લાયન્સ કલબ ઓફ નોર્થ, સુરત પ્રેરિત તા. ૩૦-૧૨-૦૯ના રોજ આંતર કોલેજ ચિત્રકલા સ્પર્ધા યોજવામાં આવી હતી. જેમાં સંલગ્ન કોલેજના ૬૪ વિદ્યાર્થીઓ હાજર રહયા હતા. મહેમાનશ્રીઓએ વિદ્યાર્થીઓને અમરોલી કોલેજની ૧૦ આંતર કોલેજ સ્પર્ધાની સિધ્ધિઓને બિરદાવી, જીવનની સફળતાની સલાહ આપી હતી. સ્પર્ધામાં લાયન પરિવારના સભ્યશ્રીઓ, તથા શ્રી અશ્વિનભાઈ પટેલ-સેક્રેટરીશ્રી, જીવન જયોત ટ્રસ્ટ, અમરોલી હાજર રહયા હતા. લાયન મહેમાનો, નિર્ણાયકો અને સ્ટાફ પરિવારના વરદહસ્તે રોકડ પુરસ્કાર, શીલ્ડ તેમજ ભાગ લેનાર સૌ વિદ્યાર્થીઓને પ્રોત્સાહન ઈનામ અને પ્રમાણ પત્ર એનાયત કર્યા હતા. સ્પર્ધામાં પ્રથમ-શ્રી પટેલ નીરવ ગુણવંતરાય - આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, ચીખલી, દ્વિતીય-(૧) શ્રી ભાવિકકુમાર નરેશભાઈ-આર્ટ્સ, સાયન્સ એન્ડ કોમર્સ કોલેજ ખોલવડ (૨) શ્રી ઠાકુર લલિતમોહન સુધીરમોહન - રોફેલ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, વાપી (૧) શ્રી ટંડેલ પરિમલકુમાર સી. - શ્રીમતી જે.પી. શ્રોફ આર્ટ્સ કોલેજ, વલસાડ અને (૨) શ્રી ધામેલિયા કેતન એસ.સર પી.ટી. સાર્વ. કોલેજ ઓફ સાયન્સ, સુરત રહયા હતા. (૯) યુનિવર્સિટીના ૩૭મા યુવક મહોત્સવમાં જે. ઝેડ. શાહ આર્ટ્સ એન્ડ એચ.પી. દેસાઈ કોમર્સ કોલેજ, અમરોલીના (૧) એકપાત્રીય અભિનય : પ્રથમ-કુ. નિલમ મિસ્ત્રી, (૨) ગરબા : દ્વિતીય-(કુલ ૩૧ એન્ટ્રી), (૩) શીઘ્ર ચિત્ર સ્પર્ધા : તૃતીય-શ્રી લોખંડવાલા હુસેન અકબરભાઈ, (૪) નાટક (દસ્તાવેજ) : શ્રેષ્ઠ પુરૂષ પાત્ર-શ્રી મોન્ટુ જયંતિભાઈ મકવાણા, (કુલ ૩૧ એન્ટ્રી), (૫) પાદપૂર્તિ : દ્વિતીય : શ્રી વિજયકુમાર દિલિપભાઈ ભલસોડ, (કુલ ૬૧ એન્ટ્રી) વિજેતા રહી હતી.

શ્રીમતી જી. એન. પંડયા બી. એડ્. કોલેજ, સુરતમાં યોજાયેલ "લગ્નગીત" સ્પર્ધામાં પ્રથમ : પટેલ મુકતા, દ્વિતીય : પાટીલ રેખા, પટેલ અંજના અને સમૂહમાં પટેલ મિનલ, નાયક દિપ્તી, પટેલ કેતકી રહયા હતા. સ્પર્ધાના નિર્ણાયક તરીકે પ્રા. જાગૃતિબેન પટેલ અને પ્રા. વિશ્વાબેન દેસાઈએ સેવાઓ આપી હતી.

## ઊજવણી

ભગવાન મહાવીર કોલેજ ઓફ એજયુકેશન એમ.એડ. વિભાગ, સુરતમાં સ્વામી વિવેકાનંદ જયંતીની ઉજવણી નિમિત્તે તાલીમાર્થી ઉર્વીબેને "સ્વામી વિવેકાનંદ જીવન દર્શન", જીગીષાબેને "સ્વામીજીના શૈક્ષણિક વિચારો", જયશ્રીબેને "સ્વામી વિવેકાનંદનો યાદગાર ગુજરાત પ્રવાસ" અને શ્યામલભાઈએ "વર્તમાન સમયમાં સ્વામીજીના વિચારોનું મહત્વ" પર વકતવ્યો રજૂ કર્યા હતા.

એ.વી. પટેલ કોમર્સ કોલેજ, બીલીમોરામાં ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન વિભાગના ઉપક્રમે તા. ૧૬-૧૨-૨૦૦૯ના રોજ યોજાયેલ 'બુક ફ્રેન્ડશીપ ડે'ની ઊજવણીમાં વિવિધ વિષયોના પુસ્તકોનું પ્રદર્શન ગોઠવવામાં આવ્યું હતું. તદ્ઉપરાંત તા. ૨૪-૧૨-૨૦૦૯ના રોજ 'મને ગમતું પુસ્તક' વિષય ઉપર યોજાયેલ વાર્તાલાપમાં પ્રિ. ડૉ. શ્રીમતી ભારતીબેન પંચોલીએ શ્રી નારાયણ મૂર્તિ અને શ્રીમતી સુધા મૂર્તિના જીવન પ્રસંગોને રજૂ કરીને વાંચનનું મહત્વ સમજાવ્યું હતું તથા પ્રા. શ્રી બી.એન. શાહ અને બે વિદ્યાર્થીઓએ ગમતા પુસ્તક ઉપર વિચારો રજૂ કર્યા હતા.

## યુવા સપ્તાહ

૧૨ જાન્યુઆરીથી ૧૯ જાન્યુઆરી યુવા સપ્તાહ તરીકે ઉજવાય છે. આ સપ્તાહ દરમ્યાન શાહ એન.એચ. કોમર્સ કોલેજ, વલસાડમાં તા. ૧૩-૦૧-૨૦૧૦ના રોજ એન.એસ.એસ.ના ઉપક્રમે બ્લડડોનેશન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. વલસાડ રકતદાન કેન્દ્ર તથા એન.એસ.એસ. સ્વયંસેવકો, વિદ્યાર્થી યુનિયન તથા એન.સી.સી. વિગેરે આ કાર્યક્રમ સફળ બનાવવા રૂપરેખા મુજબ કાર્યાન્વિત થયા. પ્રો. ઓ. પ્રા. કે.સી. પટેલે આ નિમિત્તે બ્લડ ડોનરોને સંબોધન કર્યું હતું. પ્રિ. ડૉ. જે.એમ. નાયક તથા વાઈસ પ્રિન્સીપાલ વી.એમ. કેવત, પ્રો.ઓ. પ્રા. આર. આર. પટેલ અન્ય સ્ટાફ મિત્રોએ કાર્યક્રમને સફળ બનાવ્યો. કાર્યક્રમના અંતે કુલ ૬૧ બોટલ રકત એકત્ર કરી વલસાડ રકતદાન કેન્દ્રને પુરૂં પાડવામાં આવ્યું હતું.

તા. ૧૨-૦૧-૨૦૧૦ના રોજ 'સ્વામી વિવેકાનંદ જયંતી' તથા સ્વર્ણિમ ગુજરાત ઉજવણી અંતર્ગત આંતર કોલેજ વકતૃત્વ સ્પર્ધા "યુવા નજરે સ્વર્ણિમ ગુજરાત" વિષય ઉપર યોજવામાં આવી હતી. ડિબેટ કમિટિના અધ્યક્ષ પ્રા. ડૉ. મીનાબેન શાહના માર્ગદર્શન હેઠળ આ કાર્યક્રમમાં જુદી જુદી ૨૫ કોલેજોના ૨૫ વિદ્યાર્થી ભાઈ-બહેનોએ ભાગ લીધો હતો. સ્પર્ધાના વિજેતાઓ : પ્રથમ : કુ. વૈશાલી દેસાઈ (બી.એડ્. કોલેજ, ઉદવાડા), દ્વિતીય : શ્રી હર્ષ વરિયા (વિદ્યાભારતી ટ્રસ્ટ કોલેજ, બારડોલી), તૃતીય : કુ. પ્રિયંકા સિંઘ (સરદાર પટેલ બી.એડ્. કોલેજ, અમરોલી).

તા. ૧૨-૦૧-૨૦૧૦ના રોજ 'મને ગમતું પુસ્તક' કાર્યક્રમ અંતર્ગત નીચેના વિદ્યાર્થીઓએ ગમતા પુસ્તક ઉપર વિદ્યાર્થીઓ સમક્ષ વાર્તાલાપ આપ્યો હતો. ૧. જોષી શ્રેયશ કે. - (થીંક એન્ડ ગ્રો રીચ, ધ સેવન સ્પીર્ચ્યુઅલ લૉઝ ઓફ સકસેસ, યુ કેન વીન.) ૨. શેખ સંજીદ જી. - (સફળ થવું અઘરું નથી.) ૩. પટેલ લીના એચ. (સફળતાની ચાવી), ૪. ઠાકોર બ્રિજલ આર. (સર્વાંગી વિકાસની ચાવી), ૫. પવાર વિપુલ આર. - (લખી રાખજો આરસની તકતી પર), ૬. ઠકકર રોનક - (આત્મ વિશ્વાસ), ૭. રાણા તુષાર બી. - (આંધીઓમાં પણ ચગે એ જિંદગી), ૮. નિલેશ કાસારે (પ્રેરણાનું ઝરણું). તા. ૧૯-૦૧-૨૦૧૦ના રોજ પ્લાનીંગ ફોરમ સમિતિનાં ઉપક્રમે "ભારતમાં ગરીબી : કારણો અને ઉપાયો" વિષય પર નિબંધ સ્પર્ધા યોજાઈ. જેમાં પ્રથમ : કુ. ચોપડા નીતા ભવાન, દ્વિતીય : શ્રી પટેલ ચિરાગ ડી., તૃતીય : કુ. નેહા પ્રજાપતિ, શ્રી મિલન પ્રજાપતિ.

કોલેજની સાંસ્કૃતિક પ્રવૃત્તિ અન્વયે યુનિવર્સિટી કક્ષાની દેશભકિત ગીત સ્પર્ધામાં ભાગ લઈ સમગ્ર યુનિ. માં પ્રથમ ક્રમે વિજેતા પદ પ્રાપ્ત કરનાર કુ. હર્ષિદા નિકમ રહયા હતા. આ સ્પર્ધા તા. ૧૯-૦૧-૨૦૧૦ના રોજ શેઠ સી.ડી. બરફીવાલા કોલેજ મુકામે યોજાઈ હતી.

## વાર્ષિકોત્સવ

તા. ૨૦-૦૧-૨૦૧૦ના રોજ સાંજે ઉધના સીટીઝન કો.ઓ. બેંક કોમર્સ કોલેજ તથા ઉધના એકેડેમી કોલેજ ઓફ કોમ્પ્યૂટર એપ્લીકેશન એન્ડ ઈન્ફોર્મેશન ટેકનોલોજીના સંયુકત ઉપક્રમે પ્રમુખશ્રી રમેશચંદ્ર જી. દેસાઈ, મુખ્ય મહેમાન તરીકે સિન્ડિકેટ સભ્યશ્રી સંજયભાઈ દેસાઈ, તથા અતિથિ વિશેષ તરીકે અમરોલી કોમર્સ કોલેજના પ્રિ. ડૉ. કિશોરસિંહ એન. ચાવડાના સાનિધ્યમાં વાર્ષિકોત્સવ તથા ઈનામ વિતરણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું. આ પ્રસંગે વિદ્યાર્થીઓએ રાસ, એકપાત્રીય અભિનય, ડાંગી નૃત્ય, વેસ્ટર્ન ડાન્સ, કલાસીકલ ડાન્સ, લેઝી ડાન્સ, સોલો ડાન્સ, વિગેરેની રજૂઆત કરી હતી.

## પ્રવાસ

સાર્વજનિક કોલેજ ઓફ એન્જિનિયરીંગ એન્ડ ટેકનોલોજી, સુરતની ફેકલ્ટી ઓફ આર્કીટેકચરના વિદ્યાર્થીઓ કોલંબો સ્થિત સીટી કોલેજ ઓફ આર્કીટેકચરના વિદ્યાર્થીઓ સાથે જોઈન્ટ સ્ટુડિઓ પ્રોગ્રામ અંતર્ગત કોલંબો ખાતે અભ્યાસ કરી, એનાલીસીસ કરી ત્યાંની ગવર્નમેન્ટ ઓથોરીટી સામે રજૂ કરી પરત આવ્યા છે. તા. ૨૫-૧૧-૨૦૦૯ થી ૦૫-૧૨-૨૦૦૯ દરમ્યાન વિદ્યાર્થીઓએ પેઠા એરીયા, કોલંબો પોર્ટ, કોલંબો ફોર્ટ તેમજ લેક એરિયાના ઐતિહાસિક, સાંસ્કૃતિક મહત્વ તેમજ આજની અને ભાવિ જરૂરિયાતને અનુલક્ષીને દરખાસ્તો તૈયાર કરવામાં વિદ્યાર્થીઓને અધ્યાપકોએ માર્ગદર્શન આપ્યું હતું.

## સ્વાગત

નવસારી મુકામે તા. ૨૫-૨૭ ડિસેમ્બર દરમ્યાન યોજાયેલ સાહિત્ય પસિરદના સત્ર દરમ્યાન હરીજયોત કોલેજ ઓફ ઓપ્ટોમેટ્રી, નવસારીના વિદ્યાર્થીઓએ નરસિંહ મહેતા, મીરાંબાઈ, પ્રેમાનંદ અને નર્મદનું રૂપ ધારણ કરીને ગુ.સા.પ.ના પ્રમુખશ્રી નારાયણભાઈ દેસાઈ તથા મહાશ્વેતાદેવીનું સ્વાગત કર્યું હતું.

## કાર્યક્રમ

યુનિવર્સિટીના શિક્ષણ વિભાગના એમ.એડ્.ના કુલ ૧૩ પ્રશિક્ષણાર્થીઓનો ઈન્ટર્નશીપ કાર્યક્રમ તા. ૨૧-૧૨ થી ૨૬-૧૨-૨૦૦૯ દરમ્યાન શ્રી સરસ્વતી શિક્ષણ મહાવિદ્યાલય, પાંડેસરામાં યોજાઈ ગયો. જેમાં વિદ્યાર્થીઓએ અધ્યાપનકાર્ય તેમજ સાંસ્કૃતિક કાર્યક્રમોની રજૂઆત કરી હતી.

## સામાજીક કાર્ય

ઈવનીંગ કોમર્સ કોલેજ, સુરત દ્વારા નવા વર્ષની ઉજવણી પ્રસંગે દ્વિ-વિધ સામાજિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ, જેમાં વિદ્યાર્થીઓ દ્વારા ઉઘરાવવામાં આવેલ ફંડની રકમનો ઉપયોગ પાર્લે-પોઈન્ટ સ્થિત બહેરા-મૂંગાના છાત્રાલયમાં નાસ્તા, ચોકલેટ અને ફળોના વિતરણ દ્વારા અને સિવિલ હોસ્પિટલ, સુરત ખાતે બાળકોના વિભાગમાં ફળોના વિતરણ કરવામાં આવેલ.

## NAAC

નેશનલ એસેસમેન્ટ એન્ડ એક્રિડિટેશન કાઉન્સિલ (NAAC), બેંગ્લોર દ્વારા ભારત એજયુકેશન ટ્રસ્ટ સંચાલિત બી. જે. પટેલ કોલેજ ઓફ એજયુકેશન, બારડોલીને C.G.P.A. 2.41 ગુણ સાથે "બી" ગ્રેડ ફાળવવામાં આવ્યો છે. અભિનંદન

# વાચન વિશેષ

## "ટાઈપિસ્ટ ?"

હર્બર્ટ હૂવર નામનો જુવાન અમેરિકાની એક યુનિવર્સિટીમાંથી ઈજનેરની પદવી લઈને બહાર આવ્યો. તેનો વિચાર ખાણના એન્જિનિયર થવાનો હતો. શુક્રવારે સવારે એક ખાણના વ્યવસ્થાપકને તે નોકરી માટે મળ્યો. વ્યવસ્થાપકે કહ્યું, "અમારે તો એક ટાઈપિસ્ટની જરૂર છે. તમે એ કામ માટે તૈયાર છો ?"

"ટાઈપિસ્ટ ?" જુવાન બોલ્યો. પછી જરાક થંભીને તેણે કહ્યું, "ઠીક છે. હું એ કામ કરીશ. આવતા મંગળવારે સવારે હું કામે લાગી જઈશ."

મંગળવારે સવારે જુવાન પોતાના કામે બરાબર હાજર થઈ ગયો. વ્યવસ્થાપકે તેને પૂછયું. "તમે મંગળવારથી આવવાનું શા માટે નકકી કર્યું ? એની પાછળ કશો હેતુ હતો ?"

જુવાને જવાબ દીધો, "જી હા, ચાર દિવસ મને મળ્યા, તેમાં એક ભાડુતી ટાઈપરાઈટર લઈને હું જરૂરી ટાઈપિંગ શીખી ગયો છું."

આગળ જતાં યુનાઈટેડ સ્ટેઈટ્સના રાષ્ટ્રપતિ બન્યા તે આ જ હર્બર્ટ હૂવર.

(સાભાર : અરધી સદીની વાચનયાત્રા : ૩ પૃ. ૫૨૦)

## વિજ્ઞપ્તિ

સંલગ્ન કોલેજોના આચાર્યશ્રીઓને સાદર જણાવવાનું કે, કોલેજના અદ્યતન સમાચાર 'દક્ષિણાયન'માં પ્રગટ કરવા માટે બી.જે. અંકુયા - તંત્રી, 'દક્ષિણાયન', વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી ગ્રંથાલય, ઉધના-મગદલ્લા રોડ, સુરત-૩૯૫૦૦૭ અથવા **dakshinayan.vnsgu@gmail.com** પર મોકલી શકો છો.

---

પ્રત્યાખ્યાને ચ દાને ચ સુખદુઃખે પ્રિયાપ્રિયે । આત્મૌપમ્યેન પુરૂષઃ પ્રમાણમધિગચ્છતિ ॥

વાતચીતમાં, દાનમાં, સુખ દુઃખમાં કે પ્રિય-અપ્રિયમાં માણસે પોતાની જાતને પ્રમાણ ગણીને બધાની સાથે વર્તણૂક રાખવી જોઈએ.

સુભાષિત નીતિમંજરી

અધોમુખસ્યાપિ તનૂનપાતો નાધઃ શિખા યાતિ કદાચિદેવ ।

અગ્નિ ઊંધો વાળ્યો હોય તો પણ એની જવાળા કદી નીચે જતી નથી; તે તો ઉપર જ જવાની.

---

VNSGU
VEER NARMAD
SOUTH GUJARAT
UNIVERSITY, SURAT

**Veer Narmad South Gujarat University, Udhna Magdalla Road, Surat**

Tel : +91 - 261 - 222 71 41 - 46 Fax : +91 - 261 - 222 73 12 Visit us at : www.sgu.ernet.in

**Editor : B J Ankuya, Incharge University Librarian, VNSGU Central Library, Surat.**

**Published by : Shri J R Mehta, Registrar, VNSGU, Surat.**

Designed & Printed by : KLIK Solutions, 204, City Centre, Sosyo Circle, U M Road, Surat, Tel (0261) 2634179 / 98 25 25 99 11 E-mail : info@kliksolutions.com